Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

હંસવાહિની



સરસ્વતી દેવી

પુસ્તક ૫૩ મું :: અંક ૧૨ મો

સંવત ૧૯૯૪ :: ફાલ્ગુન :: વીર સંવત ૨૪૬૪

પ્રકટકર્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

વાર્ષિક લવાજમ અગાઉથી માટે રૂ ૧-૧૨-૦ બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે.

પુસ્તક ૫૩ મું. અંક ૧૨ મો. | ફાલ્ગુન | વીર સં. ૨૪૬૪ વિક્રમ સં. ૧૯૯૪

## अनुक्रमणिका


१ આત્માને ઉપદેશક પદ ... ... ( રાયચંદ મૂળજી-ચુમંગી ) ૪૨૩
૨ અમે તો વીરના પુત્રો. ... ... ( મુનિ કલ્યાણવિમળજી ) ૪૨૩
૩ એક મુનિના આત્માના ઉદ્દગારો. પદ્ય... ... ( મુનિ મહેંદ્રવિજય ) ૪૨૪
૪ સદ્દગુણાનુરાગી કર્પૂરવિજયજી મહારાજ ... ( મગનલાલ દાનજી ) ૪૨૫
૫ સ્વજીવનની સફળતા કેમ થાય? ... ... ( સ. ક. વિ. ) ૪૨૮
૬ સમયોચિત બોધવચનો ... ... ... ( સ. ક. વિ. ) ૪૨૯
૭ પ્રશ્નોત્તર ... ... ... ... ( પ્રશ્નકાર-મુનિ પ્રેમવિમળજી ) ૪૩૧
૮ સત્ય ઘટના ... ... ... ... ... ( સોમચંદ ડી. શાહ ) ૪૩૬
૯ વ્યવહાર કૌશલ્ય. નાના લેખ ૨ ( ૧૦૯–૧૧૦ )... ... ( મૌક્તિક ) ૪૩૯
૧૦ સુભાષિતરત્નમંજૂષા ... ... ... ... ( કુંવરજી ) ૪૪૧
૧૧ સૂક્તમુક્તાવલી-સિંદૂરપ્રકર–સમશ્લોકી ભાષાંતર–ભાવાર્થ સાથે ( ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) ૪૪૩
૧૨ પ્રભાવિક પુરુષો : અભયકુમાર ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૪૫૧
૧૩ લૂણ વિનાનું ભોજન યાને ભાવ વિનાની ભક્તિ. ( રાજપાળ મગનલાલ ) ૪૫૫
૧૪ ખાસ જરૂરી-હૃદયસ્થ ભાવના. ... ... ... ... ૪૨૯–૪૩૪



## વ્યવહાર કૌશલ્ય

( લેખકઃ–મૌક્તિક )

**વિભાગ ૧-૨ લેખ ૫૧ તથા ૪૯=૧૦૦ પૃષ્ઠ ૨૦૦**

જૈન જૈનેતર સર્વને બે આના પોસ્ટેજના મોકલવાથી મોકલશું.
આવી જોડની બીજી બુક ભાગ્યે જ મળી શકશે. વાંચીને ખાત્રી કરશો.


## શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહકોને સૂચના

નીચે જણાવેલી ચાર બુકો ભેટ આપવાની છે. તે નવા વર્ષના પહેલા કે બીજા અંકનું વેલ્યુ કરશું તેની સાથે મોકલવામાં આવશે. જે ગ્રાહકો બે વર્ષના લવાજમના રૂા. ૩॥ મનીઑર્ડરથી મોકલશે તેમને પાંચ આનાનો ફાયદો થશે.

૧ શ્રાવક યોગ્ય આચારવિચાર વિગેરે સંગ્રહ
૨ પ્રશમરતિ, વીતરાગ સ્તોત્ર ૨૦ પ્રકાશ વિગેરે
૩ પાલગોપાલ ચરિત્ર ભાષાંતર.
૪ સૂક્તમુક્તાવલી–ધર્મવર્ગ વિગેરે

**નરોત્તમદાસ દેવચંદ તંત્રી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૫૩ મું | ફાલ્ગુન | અંક ૧૨ મો
વિ. સં. ૧૯૯૪ | | વીર સં. ૨૪૬૪

## आत्माने उपदेशक पद

દુઃખસેં કાંહી ડરે રે જીયા ! તું દુઃખસેં કાંહી ડરે રે;
મ્હેલે પાપ કરત નાંહીં શકે, અબ કયું શાસ ભરે રે. જીયા ! તું૦ ૧
કર્મભોગ ભોગતે વિના તુજકું, શિથિળ ભયા ન સરે રે. જીયા !૦ ૨
ધીરજ ધાર માર મન મમતા, જયું સબ કાજ સરે રે. જીયા !૦ ૩
કરત દીનતા જીનતીન આગે, સો કોન સ્હાય કરે રે. જીયા !૦ ૪
આતમરામ સમર જગપતિકું, દુઃખ વિપત તે હરે રે. જીયા !૦ ૫

રાયચંદ મૂળજી-ચુમંગી

અમે તો વીરના પુત્રો, અમારો ધર્મ ન્યારો છે;
અહિંસા ને પરમ સેવા, રૂડો એ મંત્ર ધાર્યો છે.
વિવેકી વિદ્વત્તાવાળા, નિરોગી ને નીતિધારી;
વળી થઇ ગુપ્તદષ્ટા ને, વિલોકીશું બધી બારી.
કદી કો બારીએ પેસી, કદી દ્વારે બીજે ઘુસી;
અમે જોશું બધી આલમ, બધી દુગ્ધા બધી ખુશી.
નહીં અંધા નહીં ડરપોક, નહીં ગુલામ કે લૂલા;
અમે થાશું કદાપિ ના, પડીશું જંગલે ભૂલા.
અમે શ્રી વીરના પુત્રો, બધા વીરબાળ દેવો છે;
બધા દેવો જગતબંધુ, અમારો ગર્વ એવો છે.

મુનિ કલ્યાણવિજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક મુનિના આત્માના ઉદ્ગારો

( કવ્વાલી )

મળ્યો મારગ મહાવીરનો, છતાં સાધન બને ના કાંઇ;
અરે રે ! શું થશે મારું ? રહ્યો હું જ્યાં હતો ત્યાંહી. ૧
ગૃહસ્થી જીવનથી જળતો, નીકળીયો માંડ હું પુન્યે;
સાધુના સ્વાંગમાં આવી, પડ્યો પાછો ધમા-ધૂમે. ૨
હતી જ્યાં એકની આફત, વધારી જગતની માથે;
દોડાદોડ વધી પડી ઝાઝી, ભટકવું સર્વની સાથે. ૩
કદી અળગો પડીને જ્યાં, કરું છું શાંતિનું સાધન;
ધડાપીટ થઇ પડે વસમી, નડે સાધુ જીવન બંધન. ૪
વીતરાગી માર્ગ મૂકીને, સરાગી સ્નેહથી થાવું;
સહુ વર્તે તેમજ કરવું, નથી ગમતું હવે આવું. ૫
શુભાશુભ કર્મના બંધન, બંધાયા સૌ જગત જીવો;
તેમાંથી છૂટવા કાજે, લીધો મહાવીર વ્રત-દીવો. ૬
વહેવાર નિશ્ચય કરી ભર દે, નિજ ગુણ ગંધ ના જાણે;
હુંપદ મોટાઇમાં મ્હાલી, તોડી અન્યનું નિજ તાણે. ૭
ગોટાળો શું અરે ! આવો, ન કરવું કરવા નવ દેવું;
ભૂંડી ભવાઇની વાતુ, ગંજીના કુતરા જેવું. ૮
જે જે સાધન કહ્યા વીરે, તે સર્વે આત્મગુણ કાજે;
શુભાશુભની કરી ચોવટ, આજે તો ઊલટા ગાજે. ૯
શુદ્ધતમ માર્ગ નવ સૂઝે, ન મૂઝે કર્મથી જરીએ;
યોગોના ઉદ્ઘાટનથી, ભવાબ્ધિ કેમ કહો તરીએ ? ૧૦
લેવી છે મોક્ષની મોજો, ન ખોળ્યો નાથ નિજ ઘટમેં;
ભલા ભૂલા ભમે ભોળા, નથી કાંઇ સાર ખટપટમેં. ૧૧
વિરાગી માર્ગ છે વીરનો, વિરલ જન સાધશે તેને;
ત્રિગુપ્તિ માર્ગમાં મ્હાલે, સમતા ઝટ ભેટશે તેને. ૧૨
ઉત્સર્ગ સાધના કારણ, અપવાદી માર્ગ વીર ભાખે;
છતાં વળગ્યા રહી ત્યાં સૌ, ઉત્સર્ગ સ્વાદ નવ ચાખે. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સદ્‌ગત સદ્‌ગુણાનુરાગી
# કર્પૂરવિજયજી મહારાજ

" The love which survives the tomb is one of the noblest attributes of the soul. If it has its woes, it has likewise its delights. "—Washington Irving.

" મૃત્યુ પછી પણ ટકી રહેતો પ્રેમ એ આત્માનો એક ઉમદામાં ઉમદા ગુણ છે. જેમ તેનાથી દુઃખ થાય છે તેમ તેમાં આનંદ પણ સમાયેલો છે. "

સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી મહારાજના સ્વર્ગગમનથી જૈન સમાજને પારાવાર દુઃખ થાય તેમાં નવાઈ નથી; પણ મૃત્યુ તો મનુષ્યનો જન્મસિદ્ધ હક્ક છે એટલે કુદરતી કોપ સામે આપણે કાંઈ બચાવ કરી શકીએ એમ નથી.

" अघटितघटितानि घटयति, सुघटितघटितानि जर्जरीकुरुते ।
विधिरेव तानि घटयति, यानि पूमान् नैव चिन्तयति ॥ "

---

મમતની મૂઠ બાંધી છે, તિહાં તક માર્ગ નવ પાવે;
દેહાધ્યાસ દૂર જબ થાવે, તુરત સમતા ઘરે આવે. ૧૪

શુદ્ધાતમ માર્ગ આ છંડો, ધમાધુમમાં ગોથાં ખાવા;
નથી ગમતું હવે જરીએ, ઘાંચીના બેલ જ્યું લ્હાવા. ૧૫

ત્રિપુટી યોગની જે ત્રણ, તેના તોફાનથી છૂટે;
ત્રિગુપ્તિમાં કરે ગુંજન, નિજાતમ સુખને લૂંટે. ૧૬

નથી નવરાશ જ્યાં આની, યોગોવશ ઉછળતા રહેવું;
આવા વેશ કઇક વાર ભજવ્યા, છતાં નહીં લેવું કે દેવું. ૧૭

શુભાશુભ લોહ કનક બેડી, છતાં શુભમાં જ રહ્યા ખેડી;
સ્થિરાતમ ભાવ ગુપ્તિ વિણ, કહી કોને ન શિવ તેડી. ૧૮

ચિંતામણિ કર ચડ્યો મુજને, મહાવીર માર્ગ બડભાગી;
અવરની આશ શા માટે, નિજ ગુણરમણતા લાગી. ૧૯

દર્શન મિત્ર પ્રભુપદમા, મ્હાલતું મન રહે અહનિશ;
શિવાનંદ નય લહે નિજમાં, પ્રભુ સમ દેખતો ચોદિશ. ૨૦

મુનિ મહેંદ્રવિજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિધિની વિચિત્ર ઘટનાથી સુઘટિત થયેલાં જનોનો જ્યારે અભાવ થાય છે ત્યારે વિદ્યમાન એવા વિવેકીજનો તેનું મધુર સ્મરણ, શબ્દોદ્વારા શું વ્યક્ત કરી શકે ? ફક્ત તેમના જીવનમાં જે ઉજ્જવળ દિશા દેખાઇ આવતી હોય તે ઉજ્જવળ દિશા સંબંધી વિચાર કરીને તેમાં જે સદ્ગુણો હોય તેને ગ્રહણ કરે અને કરાવે.

જ્યારે જ્યારે સદ્ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજ વ્યાખ્યાન કરતા ત્યારે તેમની દલીલો, અનુભવી કથનો, યુક્તિવાદો, દષ્ટાંતો, તેમની વક્રોક્તિ, ઉપહાસ, પ્રહાર, આજ્ઞાઓ એ સર્વની શ્રોતાઓ ઉપર અજબ અસર થતી. એમની પ્રતીતિઓ ઊંડી ઉતરેલી, દઢમૂળ અને સ્વતંત્ર જીવન્ત પાણીદાર વિચારામૃતથી પોષાયેલી હતી. એમની વાણીમાં અનેરી માધુર્યતા હતી. ટૂંકામાં એમની વાણીનો રણકો કાંઇ ઓર જ હતો. ' Short and sweet ' થોડું અને મીઠું વર્ચસ્વ એમને બહુ જ પસંદ પડતું. એમની સ્મૃતિ પણ અજબ હતી. જ્ઞાનાભ્યાસમાં એઓશ્રી મશગૂલ રહેતા. રોજ કાંઇક અવનવું શીખતા એવા તેઓ અજબ વિદ્યાર્થી હતા. વળી એક વાર શીખેલું એવું ને એવું સંગ્રહી રાખતા અને તેને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરતા. એમની વિવેકશક્તિ, એમનું સતત ઉપયોગી જ્ઞાન અને અનુભવો એ સર્વ વિષે કોઇને પણ તેમના પ્રત્યે બહુમાન ઉપજ્યા વિના ન રહે. ગમે ત્યાંથી જે કંઇ સારું લાગે તે ગ્રહણ કરવું, પછી ક્યાં તો નાના બાળક પાસેથી હોય, મહાજ્ઞાની પાસેથી હોય કે જડ ગણાતી વસ્તુ પાસેથી હોય, તે સર્વ ગ્રહણ કરવું એ મધુકરવૃત્તિના સદ્અંશમાં એઓશ્રી કોઇથી ઉતરે એમ ન હતા. જે સત્યો એમના મગજના દીવાનખાનામાં સ્થાન લઇ શકતા તે જરઠ થઇ ગયેલી વિદ્યાના શુષ્ક ગુંચવણિયા કોયડાઓનાં નિર્માલ્ય સમાધાનો ન હતાં. મન, વચન અને કાયાથી પવિત્ર એવા જ્ઞાની અને સદ્ગુણાનુરાગી પુરુષના હ્રદયમાં જરઠ થઇ ગયેલી વિદ્યાના શુષ્ક ગુંચવણિયા કોયડાઓનાં નિર્માલ્ય સમાધાનો પ્રત્યે તિરસ્કાર સિવાય બીજું શું હોઇ શકે ? એમનાં વિચારો અને સત્યો, સિદ્ધાંતો અને પ્રતીતિઓ એક સરખાં જીવન્ત હતાં. **सदाचारो धर्मः** અને **शरीरमाद्यं खलु धर्मसाधनम्** । એ બે વાક્યો એમના જીવનમાં જડી રાખેલાં હતાં. તેમનામાં વિદ્વત્તા અને સૌજન્ય, જ્ઞાન, પાંડિત્ય અને સચ્ચારિત્રનો વિરલ સંયોગ હતો. એમનો શુદ્ધ વૈરાગ્ય, નિરભિમાનપણે અને નિર્વાસન કરાતી નિષ્કામ સત્પ્રવૃત્તિઓ, તેમનું જ્ઞાનાભ્યાસમાં લીન થઇ જવું, તેમનું યોગાનુષ્ઠાન, તેમનો સમભાવ અને સત્ત્વગુણ, તેમની મોહ વિનાની સૂક્ષ્મબુદ્ધિ અને તેમની પાછળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશ ફેંકતું એમનું વિશુદ્ધ હૃદય એ સઘળું તેમના જીવનની પ્રતિભારૂપ હતું. સાંપ્રદાયિક ટૂંકી દૃષ્ટિ, રાગદ્વેષ અને તજ્જન્ય ખટપટ, પ્રપંચ, પ્રતારણા, આડંબર આદિ અંશો તેમના નિષ્કલંક વિશુદ્ધ જીવનમાં જરાયે જણાતા નહોતા. વેષમાત્રમાં કે તમોગુણી કર્મશૂન્યતામાં કે રજોગુણી લોભમૂલક ક્ષુદ્ર અહંભાવ-પ્રેરિત સત્કામપ્રવૃત્તિઓમાં ખરી સાધુતા નથી, એમ એમના સંસર્ગમાં આવનારને લાગ્યા વિના રહેતું નહીં. અહિંસા, શાંતિ, ક્ષમા, શક્તિ, શુચિતા, દયા, પ્રેમ, સહિષ્ણુતા, નિર્લોભતા આદિ ગુણોનો સમૂહ જેને વિષે હોય એવા મહાત્માનું જીવન કોના હૃદયમાં સ્થાયી અસર ન કરી શકે? આવા મહાત્માઓનો સંસર્ગ દુર્લભ છે. કહ્યું છે કે—

**साधूनां दर्शनं पुण्यं, तीर्थभूता हि साधवः ।**
**कालेन फलते तीर्थं, सद्यः साधुसमागमः ॥**

સાધુનું દર્શન પવિત્ર હોય છે અને સાધુઓ તીર્થ જેવા (પવિત્ર) હોય છે. તીર્થ તો કાળે જ ફળે છે, અને સાધુઓનો સમાગમ તો તરત જ ફળે છે.

એમનું સાહિત્ય ઉચ્ચ કોટીનું કદાચ નહિ ગણી શકાતું હોય પણ જનતાને ઉપયોગી જે ચારિત્ર્યપોષક સાહિત્ય જોઇએ છે તેવું સાહિત્ય એમણે પ્રસિદ્ધ કર્યું છે. વળી જે એમના વચનો હતાં તે બધાં વિકસ્વર બીજભૂત થાય એવાં હતાં.

એમનું જીવન આદર્શ જીવન જરૂર લેખી શકાય. જાણે જ્ઞાન, સંયમ અને દમતાની ત્રિવેણી. એમની પાસે નિર્દોષ મૃગો પણ રહી શકે, આનંદ કરી શકે અને ક્રૂરમાં ક્રૂર માનવી પણ રહી શકે; કારણ કે તેઓ અહિંસાવાદી અને વળી જીવન–મરણના ભય વગરના વિજયી યોદ્ધા હતા. એમને તો કર્મ સાથે યુદ્ધ ખેલવાનું હતું એટલે એમાં જે ધર્મરૂપ શસ્ત્ર વાપરવાનું હોય તેનો જ ઉપયોગ કરે ને? એમનામાં ઊંચામાં ઊંચો માનવીય આદર્શ હતો, જેમાં આદર્શ સાધુતા અને વિદ્વત્તાનું અજબ સમ્મિશ્રણ હતું. ચારિત્રનું અસાધારણ બળ, હાર્દિક શ્રદ્ધા, તથા નૈસર્ગિક અમીરી સૌમ્યસ્વભાવ અને મિત્રભાવ, નિખાલસવૃત્તિ અને વિશાળ ગવેષણાબુદ્ધિ એ તેમના વિશિષ્ટ ગુણો હતા. અકર્મણ્યતાને ઉખાડી ફેંકી દેનાર સાચા વીર, ઉત્સાહની જાજવલ્યમાન મૂર્તિ, દૃઢતા અને ધીરજના પહાડ, તેમજ ચારિત્રના ઝગઝગતા ભામંડળસમા સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી મહારાજને સહસ્ર કોટી વંદન હો!

મગનલાલ દાનજીભાઇ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વજીવનની સફળતા કેમ થાય ?

## " જાણો તેટલું વિવેકથી આચરો અને બોલો તેટલું પાળો "

૧. આપણે જાણીએ તેટલું વિવેકથી આદરવા અને બોલીએ તેટલું પાળવા સાવધાન રહીએ તો સ્વપરહિતમાં કેટલો બધો વધારો થાય ?

૨. ડહાપણભરી દયાથી સહુ કોઇને આપણા આત્મા તુલ્ય લેખવા; સર્વ સાથે પરમ મૈત્રીભાવ રાખવો; દુઃખી જનો પ્રત્યે અનુકંપા બુદ્ધિ રાખવી; સદ્ગુણી જનો પ્રત્યે પ્રમોદ–પ્રસન્ન ભાવ રાખવો અને દુષ્ટ, દુર્બુદ્ધિ, પાપી, નિંદક જનો પ્રત્યે પણ રાગ–દ્વેષ નહીં કરતાં ઉદાસીનતા રાખી, અંતરથી સહુ કોઇનું એકાન્ત હિત ઇચ્છવું અને બને તેટલું સ્વપરહિત કરવું. એવો શુદ્ધ અહિંસકભાવ હૃદયમાં જાગ્રત રાખવાથી સર્વત્ર કેટલી બધી શાન્તિ વધે અને અશાન્તિ–વૈરવિરોધાદિક દૂર ટળે ? આવા સદ્બુદ્ધિભર્યા વ્યાપારથી સ્વપરને કેટલો બધો ફાયદો થવા પામે ?

૩. ગમે તેવો આકરો શસ્ત્રાદિકનો ઘા યોગ્ય ઉપાયવડે રૂઝાય છે પરંતુ કઠોર વચનરૂપી ઘા તો કેમે કરી રૂઝાતો નથી અને મરણ પર્યન્ત સાલ્યા કરે છે એમ નિશ્ચયપૂર્વક સમજી રાખી, સામાને પ્રિય લાગે અને હિતરૂપ થાય એવું જ સમયોચિત સત્ય વચન બોલવાની ટેવ પાડવાથી કેટલો બધો લાભ થવા પામે, અનર્થ થતો અટકે અને સુખ–શાન્તિ સચવાય.

૪. ચોરીનો માલ સીંકે ચડે નહીં, ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રોવે, અને પાપીનું ધન પલ્લે ( નાશ ) થાય વગેરે હિત વચનો અંતરથી સાચા સમજાયા જ હોય તો અનીતિ–અન્યાય–અપ્રમાણિકતા તજી, નીતિ–ન્યાય–પ્રમાણિકતા શુદ્ધ ભાવે આદરતાં શી વાર લાગે ? અને એવા ઉમદા વ્યવહારથી સહુ કોઇ કેટલા બધા સુખી થઇ શકે ?

૫. આપણી માતા—બહેન—દીકરી સાથે ખોટો વ્યવહાર રાખનાર જન પ્રત્યે આપણને કેટલો બધો તિરસ્કાર છૂટે છે ? તેવી જ રીતે પરાઇ માતા બહેન કે સ્ત્રી સંગાતે ખોટું કામ કરનાર હીનાચારી જીવ પ્રત્યે પરને પણ તેવો જ તિરસ્કાર છૂટે એમાં આશ્ચર્ય શું ? ત્યારે પવિત્ર મન—વચન—કાયાથી સુશીલ રહેતાં સ્વપરને કેટલો બધો ફાયદો થાય ? એવા વિચારશીલ ભાઇ બહેનોએ સ્વજીવન પવિત્ર બનાવી લેવા કેટલું બધું લક્ષ રાખવું જોઇએ ? શીલને જ સાચો શણગાર લેખવો જોઇએ.

૬. લોભ સમાન દુઃખ નથી અને સંતોષ સમું સુખ નથી એ સાચેસાચું સમજાયું હોય તો ખોટો બેહદ લોભ તજી સાચો સંતોષ સેવવો અને ખોટી લાલચો છોડવી; જેથી ખરું વાસ્તવિક સુખ સહેજે પ્રાપ્ત થઇ શકે.

૭. નકામી વાતો કરવાથી કશું વળવાનું નથી. રૂડી રહેણીકરણીથી જ કલ્યાણ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮. પ્રમાદી જીવને નરી વાતો જ કરી કાળક્ષેપ કરવો ગમે છે, પારકી વાતો કરવી મીઠી લાગે છે; રહેણીકરણી કડવી ઝેર જેવી લાગે છે.

૯. જ્યારે ભાગ્યોદયે રૂડી રહેણી—કરણી કરવી સાકર સમી મીઠી લાગશે અને નકામી વાતો ઝેર જેવી લાગશે ત્યારે જ જીવનું કલ્યાણ થશે.

## સમયોચિત બોધવચનો

૧. મધ્યસ્થ, બુદ્ધિશાળી અને અર્થી-જિજ્ઞાસુ શ્રોતાજનો જ ખરું તત્ત્વ પામી શકે તેમજ સાંભળી, વિચારી, સમજી તેને વર્તનમાં મૂકી શકે.

૨. તત્ત્વવેત્તા મહામુનિજનોએ આઠ પ્રકારનો પ્રમાદ વર્જવો કહ્યો છેઃ—અજ્ઞાન, સંશય, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, મતિભ્રંશ, ધર્મપ્રત્યે અનાદર તથા મન-વચન-કાયયોગનું દુષ્પ્રણિધાન.

૩. ઘણીખરી ઉત્તમ શક્તિ-સંપત્તિ, શુદ્ધ શીલ( બ્રહ્મચર્ય )નું યથાર્થ રીતે સેવન કરવાથી સાંપડી શકે છે તેમ છતાં તેના તરફ કેટલું બધું દુર્લક્ષ્ય રખાય છે અને જાણતાં અજાણતાં અનેક રીતે ફોગટ સ્વવીર્યનો વિનાશ કરાય છે. પારેવાં જેવી વિષયલોલુપતા સેવાય છે અને મન-વચન-કાયાને મલિન વાસનાવાળાં કરાય છે. પરસ્ત્રી કે વેશ્યાગમનમાં લુબ્ધ થવાય છે અથવા સૃષ્ટિવિરુદ્ધ વર્તન, સેવન કરી પાયમાલી વહોરી લેવાય છે કે જેથી પરિણામે શીલભ્રષ્ટ થયેલા એવા સત્ત્વહીનોને ઘણે ભાગે સંતતિ થતી જ નથી અને થાય છે તો તે કેવળ નમાલી જ થવા પામે છે.

૪. બાળલગ્ન, કજોડાં, વૃદ્ધવિવાહ અને કન્યાવિક્રયાદિકવડે માત-પિતાદિક પોતાની પ્રજા-પુત્ર પુત્રી વિગેરેનું કેટલું બધું અહિત અને નુકશાન કરે છે ? એથી ભવિષ્યની પ્રજા શી રીતે સુખી થાય ? વળી ગતાનુગતિકપણે મરણાદિક પ્રસંગે નકામા ખર્ચ કરવા, વિવાહપ્રસંગે નાગાં ફટાણાં ગાવાં, નાતવરા કરવા, શરીર બગડે એવા અનુચિત ખાન-પાનાદિક ખાવાં-આવા અનેક દુષ્ટ રિવાજોની અંધપરંપરા ચાલુ રહેવાથી અત્યાર સુધીમાં આપણા સમાજને ઘણું સહન કરવું પડયું છે. આવા આવા અનર્થકારી દુષ્ટ રિવાજોને હિંમત રાખી ટાળવા દઢ પ્રયત્ન-પુરુષાતન કર્યા વગર સમાજના ઉદ્ધારની કે વાસ્તવિક સુખની આશા રાખી જ કેમ શકાય ?

૫. ઘણા વખતથી અજ્ઞાન-મિથ્યાત્વ યોગે આપણી કોમમાં જડ ઘાલી રહેલા રડવા-કુટવાદિક કુરિવાજોને દૂર કરવા સારુ સમાજનું હિત હૈયે ધરનારાઓએ પૂરતી હિંમત રાખી જાહેરમાં આવી વ્યાજબી સુધારા દાખલ કરવા-કરાવવા દઢ પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે.

૬. શ્રી કલ્પસૂત્રાદિકમાં આવતા ભગવાન મહાવીર પ્રમુખના ઉત્તમ ચરિત્રો વાંચી કે સાંભળી તેમાંનો ઉત્તમ બોધ હૈયે ધરવામાં આવે તો કેવું સારું ? પ્રસંગે પ્રસંગે પદે પદે તેમાં કેટલી ઉપયોગી વાતો આવે છે ? તે બધી એક કાનેથી બીજે કાને કાઢી નાખવી જોઇતી નથી. પરંતુ તેનો યોગ્ય આદર કરવા દરેક દરેક જૈની કુટુંબે સાવધાન થવું જોઇએ.

૭. ઉત્તમ પ્રકારની ક્ષમા ( સમતા-સહનશીલતા ) નમ્રતા, સરળતા, નિર્લોભતા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપસ્યા, સંયતતા, મતાના, પવિત્રતા, નિઃસ્પૃહતા અને બ્રહ્મચર્યના પવિત્ર પાઠ શિખવાના ઉક્ત ચરિત્રોમાંથી મળે છે; જેથી ચેતન જાગૃત થવા પામે છે.

૮. વિષય-કષાય-નિદ્રા-વિકથાદિક પ્રમાદાચરણમાં આપણે અણુમોલો વખત ખોઇ નહીં દેતાં, સ્વપર હિતકારી શુભ કાર્યો કરવામાં તેનો સદુપયોગ કરવા ઉચિત છે.

૯. ઉત્તમ આચાર-વિચારને સારી રીતે સમજી, પૂર્ણ શ્રદ્ધાથી તેનું જાતે સેવન કરવું અને આપણી ઉછરતી પ્રજાને પણ તેમાં કુશળ બનાવવા પૂરતી કાળજી રાખવી.

૧૦. શાણી માતા ધારે તો બાળકોમાં મૂળથી રૂડા બીજ-સંસ્કારો પાડી તેમનું જીવન સુધારી શકે. કુશળ પિતાદિક વડીલો પણ તેમાં બને તેટલો સક્રિય ભાગ લઇ તેમાં રસ રેડી શકે, તેથી તેમાં પ્રમાદ કરવો યોગ્ય નથી.

૧૧. બાળકો નબળી સોબતથી દૂર રહે અને સારી સોબતનો લાભ મેળવતા રહે એવી ચીવટ ઉત્તમ માતપિતાદિક જરૂર રાખતા રહે, જેથી દિનપ્રતિદિન તેમનામાં ગુણનો વધારો થવા પામે.

૧૨. ઉત્તમ સંગતિના અલભ્ય લાભ લેવા સહુ કોઇએ સદા સાવધાન રહી સ્વ-માનવજીવન સફળ કરવા જરૂર પ્રયત્ન કરવો.

૧૩. સ્વપરની સમુન્નતિ થાય એવા સન્માર્ગે સહુએ સુદઢતાથી વિવેકસર પ્રયાણ અચૂક કરતા રહેવું.

સ. ક. વિ.

## ખાસ જરૂરી

હાલના સમયમાં વ્યવહારિક ઉપદેશક લેખોની તેમજ સારા અનુભવીઓના લેખોની જરૂર છે.

પરદેશમાં કોઇ સાધનની ઊણપ પણ હોય છતાં તે ચલાવી લેવી જોઇએ.

હાલના જમાનાની વર્તણુક માટે લખતાં તો કલમ પણ ચાલે તેમ નથી, પરંતુ આપણે કોઇની જરૂર નથી. દરેકને પ્રભુ સદ્બુદ્ધિ આપો.

મનુષ્યને એટલું તો જરૂર જાણવું જોઇએ કે મારાં કુળને અને મારા ધર્મને અંગે મારા આચાર-વિચાર કેવા છે ને કેવા જોઇએ ? હું શું કરી રહ્યો છું ? બીજાની નહીં પણ પોતાના આત્માની દયા ખાવા જેવું છે.

હાલ તો નીચેના કવિત પ્રમાણે વર્તન જણાય છે:—

**કહેતે હે પણ કરત નહીં, મુખસેં બડે લબાડ;**
**સાંઇકે દરબારમેં, ખૂબ ખાવેગા માર. ૧.**
**પપો તો પરખ્યો નહીં, દદ્દો કીધો દૂર;**
**લલાસેં લાગી રહ્યો, નનો કીયો હજૂર. ૨.**

'પાપને પારખ્યું નહીં, દયા કે દાનને તો દૂર જ રાખ્યા, લાવલાવની અથવા લલનાની (સ્ત્રીની) લાલસામાં લાગ્યો રહ્યો અને યાચકાદિને જવાબ આપવા માટે નનાને (નકારને) હજુરમાં જ રાખ્યો.'

ઘણાં વ્યાખ્યાનો કર્યાં ને ઘણાં સાંભળ્યાં પણ વર્તણુકમાં મૂકવાનાં તો પચ્ચખ્ખાણ જ કર્યાં હોય એમ જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર:—મુનિ પ્રેમવિમળજી—અમદાવાદ )

**પ્રશ્ન** ૧—સ્થાનકવાસી મુનિ મિશ્રીલાલજીએ સાડાઆઠ માસના ઉપવાસ કરીને પારણું કર્યાનું કહેવામાં આવે છે તો વીરપ્રભુના શાસનમાં છ માસથી વધારે તપ થઇ શકે છે?

**ઉત્તર**—છ માસની હકીકત પણ અત્યારનાં સમય માટે નથી, અત્યારે તો પ્રાયે ત્રણ માસનો સંભવ છે. પરંતુ મુનિ મિશ્રીલાલજીના ઉપવાસ આપણામાં કરાતા ઉપવાસ કે જેમાં ઉષ્ણ જળ સિવાય બીજું કાંઇ ન જ લેવાય એવા સાંભળવા પ્રમાણે નહોતા તેથી તેને અંગે વિરોધ સમજવો નહીં.

**પ્રશ્ન** ૨—પ્રથમ નરકમાં કાપોતલેશ્યા જ હોય એમ કહેલ છે તો ત્યાં રહેલા શ્રેણિકાદિના જીવો મનુષ્ય ભવાદિનું આયુષ્ય કે જે શુભલેશ્યાવડે જ બંધાય છે તે કેમ બાંધી શકે?

**ઉત્તર**—કાપોતલેશ્યા જે કહી છે તે તેમની નિશ્ચિત દ્રવ્યલેશ્યા છે, બાકી ભાવલેશ્યા છએ હોય છે, તેથી શુભ ભાવલેશ્યા વર્તતી હોય ત્યારે મનુષ્ય ભવનું આયુ બાંધવામાં વિરોધ નથી.

**પ્રશ્ન** ૩—નારકીના જીવોને કોઇ દેવાદિ આવીને અમુક કાળની શાંતિ આપી શકે-એમ શ્રી જીવાભિગમમાં કહ્યું છે, તે બરાબર હોય તો કૃષ્ણના જીવને શાંતિ આપવા બળદેવના જીવે ઉપાડ્યા ત્યારે તેને ઊલટી અશાંતિ થઇ તે કેમ બને?

**ઉત્તર**—બંને હકીકત બરાબર છે. દેવો અલ્પ કાળને માટે શાંતિ આપી શકે છે, પરંતુ બળદેવના જીવ દેવે તો તેને ત્યાંથી કાયમની શાંતિ આપવા માટે સ્વર્ગમાં લઇ જવાની ઇચ્છાથી ઉપાડ્યા હતા તેથી અશાંતિ થઇ છે. અલ્પ કાળની શાંતિનો સર્વથા નિષેધ નથી.

**પ્રશ્ન** ૪—દેવોને માટે શાસ્ત્રમાં મનુષ્ય ને તિર્યંચ એ બે ગતિ જ કહી છે, છતાં ઇશાન દેવલોક સુધીના દેવો પૃથ્વી, અપ્ ને વનસ્પતિકાયમાં પણ ઉપજે છે તો પછી બે ગતિ ક્યાં રહી?

**ઉત્તર**—પૃથ્વી, અપ્ ને વનસ્પતિકાય પણ તિર્યંચગતિના જ પેટાભેદ છે તેથી બે ગતિમાં જવાનું કહ્યું છે તે અવિરોધી છે.

**પ્રશ્ન** ૫—નપુંસક શબ્દનો અર્થ શું છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—જેનામાં પુરુષ કે સ્ત્રીપણું ન હોય તેને નપુંસક જાણવો.

**પ્રશ્ન** ૬—શાસ્ત્રમાં નપુંસક વેદીને સ્ત્રી-પુરુષ બંનેના અભિલાષી કહ્યા છે, તો નારકી, એકેંદ્રિય, વિકળેંદ્રિય અને સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય જે નપુંસકવેદી જ હોય છે તેને માટે એ હકીકત કેમ સંભવે ?

**ઉત્તર**—એ વ્યાખ્યા મનુષ્ય ને તિર્યંચ ગર્ભજ પર્યાપ્તા પંચેંદ્રિય માટે જ સમજવી, બીજા જીવો માટે સમજવી નહીં.

**પ્રશ્ન** ૭—શ્રી નયવિમળજી આઠમની થોયમાં કહે છે કે-' આઠમે આઠ સો આગમ ભાખી, ભવિમન સંશય ભાંજેજી ' એ આઠ સો આગમ શી રીતે સમજવા ? કારણ કે આગમ તો ૮૪ કહેલ છે.

**ઉત્તર**—શ્રી નયવિમળજી વિદ્વાન હતા. તેમણે શું અપેક્ષાએ આઠ સો કહ્યા છે તે સમજી શકાતું નથી, કાંઇ પ્રકારાંતરે ગણ્યા હશે.

**પ્રશ્ન** ૮—પ્રતિષ્ઠા એટલે અંજનશલાકા થયા વિનાના બિંબને અપૂજ્ય કહ્યા છે, પરંતુ પ્રભુના બિંબને જોઇને ભાવના ભાવનારને તો તેમના સ્વરૂપનો વિચાર કરવાનો છે તેમાં પ્રતિષ્ઠા થયેલ હોય કે ન હોય તેનો બાધ ક્યાં આવે છે ?

**ઉત્તર**—અંજનશલાકા( પ્રતિષ્ઠા )ની ક્રિયા તેમાં દેવત્વના આરોપણ માટે છે, તેથી તેની ખાસ આવશ્યકતા શાસ્ત્રસિદ્ધ છે. ભાવના ભાવનારને માટે પણ તેવી પ્રતિમા વધારે ઉપયોગી છે; તેથી એ ક્રિયાની જરૂર નથી એમ માનવું નહીં.

**પ્રશ્ન** ૯—પર્યુષણ પર્વના સ્તવનમાં ' નદીમાંહે જેમ ગંગા મોટી ' એમ કહેલ છે, છતાં અત્યારે તો સિંધુ નદી મોટી જણાય છે. તેમાં સ્ટીમરો પણ ચાલે છે છતાં ગંગાને મોટી કેમ કહી હશે ?

**ઉત્તર**—ગંગાના ઉપલક્ષણથી સિંધુ પણ સમજવાની છે. આ ભરતક્ષેત્રમાં અત્યારે પ્રત્યક્ષ જણાય છે તે કરતાં બીજી અહીંથી બહુ દૂર તે જ નામની બે નદીઓ ઘણા મોટા પ્રવાહવાળી છે તે સમજવાની છે. બાકી લોકોમાં ગંગાની પ્રસિદ્ધિ વિશેષ હોવાથી સ્તવનકારે તેને મોટી કહી છે.

**પ્રશ્ન** ૧૦—તે જ સ્તવનમાં કહેલ છે કે ' નવ વખાણ વિધિશું સાંભળતાં, પાપમેવાસી ધ્રૂજ્યા રે. ' છતાં અત્યારે તો આઠ વ્યાખ્યાન જ વંચાય છે, નવમું સમાચારીનું વ્યાખ્યાન વંચાતું નથી તેનું શું કારણ ? તેમાં મુનિનો જ આચાર છે તેથી તેની જરૂર જણાતી નહીં હોય ?

**ઉત્તર**—વખત ન મળવાથી તે વ્યાખ્યાન વંચાતું નથી. બારસે સૂત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાંચી રહ્યા પછી તે વાંચવાનો અધિકાર છે. કોઈ કોઈ સ્થાનકે કવચિત વંચાય પણ છે, બાકી નિષેધનું કોઈ પણ કારણ નથી.

**પ્રશ્ન ૧૧**—કાચા પાણીમાં ચુનો નાખવાથી ક્યારે અચિત્ત થાય ? અને તેનો કાળ કેટલો ?

**ઉત્તર**—આ પ્રવૃત્તિ જ કરવા યોગ્ય નથી, તેથી તેની વિશેષ ચર્ચા નિરુપયોગી છે. મુનિથી તો તે થઈ શકે તેમ જ નથી.

**પ્રશ્ન ૧૨**—રાજુલ રહેનેમિની સજ્ઝાયમાં ' પરનારીસેવી પ્રાણી નરકમાં જાય અને પ્રાયે દુર્લભબોધિ થાય. ' એમ કહેલ છે, તો પરનારી કોને સમજવી ? અને એવા દુર્લભબોધિ થયાના દૃષ્ટાંત એક બે જણાવશો.

**ઉત્તર**—જે સ્ત્રીને કોઈ પુરુષે ગ્રહણ કરેલી હોય તે પરસ્ત્રી સમજવી. પરદારાલંપટ માટે દુર્લભબોધિપણું પ્રાયિક સમજવું. દુર્ગતિગમન તો ચોક્કસ સમજવું. એને માટેના સંખ્યાબંધ દૃષ્ટાંતો છે છતાં આપ પૂછો છો તે આશ્ચર્ય છે.

**પ્રશ્ન ૧૩**—લવણસમુદ્રના પાણીનો રંગ કેવો છે ?

**ઉત્તર**—એને માટે ખાસ રંગ કહેલ નથી. સ્વાભાવિક રંગ જ હોય છે. કાળોદધિ માટે શ્યામ રંગ કહેલો છે. બાકી તો સમુદ્રના પાણીનો રંગ તેની નીચેની જમીનના રંગ ઉપરથી કહેવાય છે અને તેવા રંગનો આભાસ પાણીમાં જણાય પણ છે.

**પ્રશ્ન ૧૪**—બાહુબળિની સજ્ઝાયમાં અભિમાને ચડેલા ને શુભ ધ્યાનમાં રહેલા એવા બે વિશેષણો છે તે એક સાથે ઘટી શકે ?

**ઉત્તર**—એમાં વિરોધ નથી. અભિમાનનો વિચાર પ્રથમ આવ્યા પછી કર્મ ખપાવવા માટે શુભ ધ્યાનમાં જ લીન થયેલા છે.

**પ્રશ્ન ૧૫**—રાત્રે તિવિહારમાં એકલા પાણીની છૂટ છે તેમ કોઈ એકલા દૂધની છૂટ રાખે તો ચાલી શકે ? એ પણ પ્રવાહી છે.

**ઉત્તર**—તમારા જેવા મુનિ આવો પ્રશ્ન કરે તે વાંચી આશ્ચર્ય થાય છે. દૂધ તો અશનાહારમાં છે, તેથી રાત્રે બિલકુલ લેવાય જ નહીં.

**પ્રશ્ન ૧૬**—પ્રતિષ્ઠા કર્યા વિનાની પ્રતિમાને પૂજન કરાય નહીં એમ કહે છે તો ફોટા તથા સિદ્ધચક્રના ગટા ચિત્ર વિગેરેને વંદના થાય છે તેમ જ જિનચૈત્યને અભાવે તેની પાસે ચૈત્યવંદન કરી મુનિ પચ્ચખ્ખાણ પારે છે તેનું શું સમજવું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—પ્રતિમા માટે પ્રતિષ્ઠા કર્યા પછી અષ્ટપ્રકારી વિગેરે પૂજા કરવાનું શાસ્ત્રોક્ત વિધાન છે. ફોટા વિગેરે માટે તેવું વિધાન કહેલું નથી તેથી તેને નમસ્કારાદિ કરવામાં વિરોધ જણાતો નથી.

**પ્રશ્ન** ૧૭—કોઈ મનુષ્ય અંતસમય નજીક જાણી પ્રથમ પુન્યપ્રકાશના સ્તવનમાં કહ્યા પ્રમાણે આરાધના કરે, પછી મરણ નજીક આવતાં અધ્યવસાય બદલાય તો ગતિ કેવી થાય ? અને પ્રથમ કરેલી આરાધનાનું ફળ કાંઈ મળે કે નિષ્ફળ જાય ?

**ઉત્તર**—અંતસમયના અધ્યવસાય જેવી ગતિ તો થાય, પરંતુ પ્રથમ આરાધના કરતાં શુભ અધ્યવસાયવડે પુન્યબંધ થયેલ હોય તે ઉદય આવે ત્યારે તેનું યથાયોગ્ય ફળ મળે; નિષ્ફળ ન જાય.

**પ્રશ્ન** ૧૮—તિર્યંચોને અવધિજ્ઞાન થાય ?

**ઉત્તર**—તિર્યંચ પંચેંદ્રિય ગર્ભજ પર્યાપ્તામાં અસંખ્ય જીવો અવધિજ્ઞાન-વાળા, સમકિતધારી તેમ જ દેશવિરતિ હોય. શ્રી સમવાયાંગ સૂત્રમાં તિર્યંચો અવધિજ્ઞાની હોય એમ કહ્યું છે. આઠમા દેવલોક સુધી દેવપણે અસંખ્ય તિર્યંચો ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન** ૧૯—તીર્થોદ્ગાર પયન્નામાં સાધ્વીના ( ૨૫ ) ઉપગરણો વિચ્છેદ ગયાનું લખ્યું છે તે બરાબર છે ?

**ઉત્તર**—મેં એ પયન્નો વાંચ્યો નથી તેથી ઉત્તર આપી શકતો નથી.

**પ્રશ્ન** ૨૦—શાસ્ત્રમાં શય્યાતરપિંડ લેવાનો મુનિને નિષેધ કરેલો છે છતાં સ્થૂળભદ્રે કોશ્યાને ત્યાંથી ચારે મહિના આહાર કેમ લીધો ?

**ઉત્તર**—તેઓ આગમવ્યવહારી હતા તેથી તેને માટે શય્યાતર પિંડનો નિષેધ નથી. તેઓ દીર્ઘદૃષ્ટિવડે લાભાલાભ જોઈ શકે છે.

**પ્રશ્ન** ૨૧—શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં તેજોલેશ્યાનું સ્વરૂપ કહેલ છે તે કરતાં ડો. ગ્લાઝેનાપ જૈન ધર્મની બુકમાં જુદી રીતે કહે છે તો ખરું શું ?

**ઉત્તર**—શ્રી ઉત્તરાધ્યયનમાં કહેલ છે તે બરાબર સમજવું. જૈન ધર્મની બુકમાં કહેલ હકીકત શા ઉપરથી લખી છે તે જાણવામાં નથી.

**પ્રશ્ન** ૨૨—સત્પુરુષોના આશીર્વાદથી પ્રાણીનું હિત થાય છે એમ કહે છે તે બરાબર છે ? શું અશુભનો ઉદય તેથી રોકાતો હશે ?

**ઉત્તર**—ઉત્તમ પુરુષો આશીર્વાદ તેને જ આપે છે કે જેનામાં યોગ્યતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવા પ્રકારની હોય. તેવા આશીર્વાદથી અશુભ કર્મનો ઉદય રોકાય તેમાં બિલકુલ આશ્ચર્ય જેવું નથી.

**પ્રશ્ન** ૨૩—ભુવનભાનુ કેવળી ચરિત્રમાં પૂર્વભવમાં ચૌદપૂર્વી થયા છતાં પ્રમાદવશથી દુર્ગતિએ ગયા ને સંસારમાં ભમ્યા એમ હકીકત આવે છે, અને ઉપદેશપ્રાસાદમાં ચૌદપૂર્વી જઘન્યે પણ છઠ્ઠા દેવલોકે જાય એમ કહ્યું છે તો ખરું શું?

**ઉત્તર**—વર્તતા ચૌદપૂર્વી મુનિ મૃત્યુ પામે તો જઘન્ય છઠ્ઠા દેવલોકે જાય પણ પ્રમાદના વશથી પૂર્વો ભૂલી જાય, ચારિત્રથી ભ્રષ્ટ થાય તો દુર્ગતિએ જાય તેમાં આશ્ચર્ય જેવું નથી.

**પ્રશ્ન** ૨૪—બારવ્રતધારી શ્રાવક મિલમાલેક થઈ શકે? સટ્ટાનો વેપાર કરી શકે? અને કરે તો તેના વ્રતો જળવાય?

**ઉત્તર**—પૂર્ણપણે બારવ્રતધારી શ્રાવક તો કર્માદાનના વ્યાપાર કરે જ નહીં એટલે તે મિલમાલેક કેમ થાય? એમાં પારાવાર હિંસા છે અને એની કમાણી તે પાપવ્યાપારજન્ય છે. સટ્ટાનો વ્યાપાર આર્ત્તધ્યાનનું પ્રબળ કારણ છે. વળી બીજી પણ તેથી અનેક પ્રકારની હાનિનો સંભવ છે. દુરાચારના પણ તેમાં પાયા નખાય છે તેથી શ્રાવકને માટે વર્જ્ય માનવા યોગ્ય છે. શ્રાવકપણું પૂર્ણપણે જાળવવા ઇચ્છનારને એ બંને વસ્તુ ત્યાજ્ય છે.

**પ્રશ્ન** ૨૫—શ્રાદ્ધવિધિમાં કિલ્વીષીઆ દેવ થવાના કારણોમાં રૂપની ચોરી પણ એક કારણપણે કહેલ છે તો રૂપની ચોરી શી રીતે થતી હશે?

**ઉત્તર**—અન્યના રૂપનો વિનાશ કરવો તેનું નામ રૂપચોરી સંભવે છે.

**પ્રશ્ન** ૨૭—ગુરુવંદન ભાષ્યમાં દ્વાદશાવર્ત વંદન પદસ્થિત આચાર્યાદિને કરવાનું જ કહ્યું છે તો હાલમાં દરેક સામાન્ય સાધુને કેમ થાય છે?

**ઉત્તર**—સામાન્ય સાધુને દ્વાદશાવર્ત વંદન થતું જ નથી. પ્રતિક્રમણમાં કરાય છે તે પણ આચાર્યની સ્થાપનાને કરાય છે.

**પ્રશ્ન** ૨૮—સમકિતી ને મિથ્યાત્વી દેવ-દેવીની ઓળખાણ કેમ પડે?

**ઉત્તર**—તેની શ્રદ્ધા ને માન્યતા ઉપરથી ખબર પડી શકે. તેના કૃત્યો, ભક્તિ વિગેરેથી એ વાત જાણી શકાય.

કુંવરજી

---

**—: હૃદયસ્થ ભાવના :—**

" શુભ ધ્યાન ધરું, શુભ વાણી વદું, પરમારથના શુભ કાર્ય કરું; "
" ધીમંત બનું, શ્રીમંત બનું, બલવંત બનું ગુણવંત બનું. "
" શુદ્ધ પ્રેમ વિવેક ને શૌર્ય ધરું, ધીરતા-વીરતા જ વિષે વિચરું; "
" સૌ શક્તિ પ્રભો! મુજમાં પ્રગટો, જનહિતમાંહે સહુ શક્તિ વહો. "

મુનિ૦ કલ્યાણવિમળજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય ઘટના

આ લેખમાં સંકલિત કરેલી બીનાનું અવતરણ સત્ય ઘટનામાં થયેલ હોવાથી વિના અતિશયોક્તિએ તે વખતના વિચારોને તે રૂપમાં આલેખું છું.

તા. ૩૦-૯-૩૭ ના દિવસની મધરાત હતી, વાતાવરણ ઘણું જ શાંત હતું, પ્રાયે દરેક પ્રાણી નિદ્રાદેવીને આધીન હતા, લગભગ દોઢ વાગ્યાનો સુમાર હતો, તેના પુરાવા તરીકે સ્ટેશન પર ટ્રેઈનનું આગમન થતાં સીટીનો અવાજ શ્રવણગત થયો હતો. તે સમયે મારું શરીર વધુ અસ્વસ્થ (વ્યાધિમય) હતું, તે રજની માંદગીની અન્ય રાત્રિઓ કરતાં ગંભીર લાગતી હતી. મારા સ્નેહી મિત્રો મારી પાસે સૂતા હતા પણ મારે કારણે તેઓને નિદ્રાભંગ કરાવવો તે ઠીક નહિં લાગતું હોવાથી તેઓને તે દશામાં જ રાખી રાત્રિ મેં વ્યતીત કરી. તે રાત્રિએ થયેલા વિચારોને અનુરૂપ જે જે અનુભવમાં આવ્યું તે ઉપયોગી માનીને લખું છું.

રોગી જીવન એ કેટલું દુઃખમય, કડોડું અને કંટાળાભરેલું જીવન છે તે તો તેનો અનુભવ થાય ત્યારે વધુ સમજણમાં આવે તેમ છે. એ વ્યાધિમય જીવનમાં એક તો મન એટલું અસ્થિર અને વિચારમય રહે છે કે એવા મનવડે રોગી જીવનમાં દુઃખનો ઉમેરો ને સાથેસાથે અભિનવ કર્મોનો પણ ઉમેરો થતો જાય છે. મને યાદ છે ત્યાં સુધી લખું છું કે તે રાત્રિમાં મારા પર ઘણા જ સારા-નરસા, નાના-મોટા વિચારો ઉપરાઉપરી એટલા બધા જોમ અજમાવતા હતા કે વિચારના વમળમાં ભાન ભૂલાતું હતું અને માનસ ધૂમ રહેતું હતું, પરંતુ વ્યાધિમય જીવનને વશ થતાં પહેલાં ' શ્રી જૈનધર્મપ્રકાશમાં ' આવેલ લેખ કે જેનું નામ " **વ્યાધિ ને વિરામ** " એવું હતું તે ખૂબ મનનપૂર્વક તે વખતે વાંચેલો, તે લેખમાં આલેખેલાં સ્ફુરણો કેટલાંક યાદદાસ્તમાં રહી ગયેલાં, તેથી તે મારા જીવનને ઉપકારી ને સહાયભૂત બનેલાં. આમ લખવામાં જરા પણ અતિશયોકિત નથી. જ્યારે જ્યારે મન ચગડોળે ચડતું હતું ત્યારે ત્યારે તે લેખનું હું સ્મરણ કરતો અને મનને ભ્રમિત વિચારોથી પાછું ખેંચવાનો પ્રયાસ કરતો, છતાં મન પોતાના ચંચળપણાનો સ્વભાવ ન મૂકે તે વાસ્તવિક છે. ટૂંકમાં આવા લેખો માંદગીના બીછાનામાં ઘણા જ ઉપયોગી નીવડે છે. માટે વાંચકોને નમ્ર ભલામણ કરું છું કે જરૂર જણાય ત્યારે તેવા લેખોનો ઉપયોગ કરવા ચૂકવું નહિં. તેથી તમારા આત્માને માંદગીના બીછાનામાં પણ અપૂર્વ શાંતિ રહેશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરથી એટલું સાબિત થાય છે કે વ્યાધિ અને એકાંત આ બે વસ્તુ એકત્ર થવાથી મન વિચારશ્રેણી પર ઝોલાં ખાય છે, ચકરાવામાં પડી જાય છે. તે વખતે જો આત્મા ધર્મના સંસ્કારોથી વાસિત ન હોય તો જરૂર તે આત્માને દુર્ગતિના ગર્તામાં ગબડી જતાં વાર લાગતી નથી. મન એ જ આત્માને ઉન્નત કે અવનત દશા પ્રાપ્ત કરાવવામાં મુખ્ય ભાગ ભજવે છે. જીવનના કોઈ પણ સંજોગોમાં કે પ્રસંગોમાં પોતાનો કાબૂ ગુમાવી ન બેસાય તેટલા માટે ધાર્મિક શિક્ષણ ઘણું જ ઉપયોગી ને માર્ગદર્શક છે, એ વસ્તુ ભૂલવા જેવી નથી.

જ્યારે જ્યારે તમે વ્યાધિથી વ્યગ્ર બનો ત્યારે નીચે સૂચવેલી સદ્ભાવના તથા ગત ભાદ્રપદ માસના માસિકમાં પ્રગટ થયેલ તત્સંબંધી ઉપયોગી લેખ પર લક્ષ દોડાવવામાં આવશે તો અવનતને બદલે ઉન્નત, અશાંતિને બદલે શાંતિ અને અસદ્ ભાવનાને બદલે સદ્ભાવના જાગૃત થશે. વધુ અનુભવથી સમજાશે.

૧. પ્રથમ તો કર્મનો સિદ્ધાંત કે જેને કેટલાક કુદરત, વાસના વિગેરે ઉપનામોથી ઓળખે છે ને ઓળખાવે છે તે કર્મની વિચિત્રતા, અગમ્યતા ઉપર વિચાર દોડાવવામાં આવે અને સમજે કે પૂર્વકૃત કર્મની સ્થિતિ પરિપાક થવાથી ઉદયમાં આવેલાં કર્મોનું સન્માન મને કે કમને ક્યા વિના છૂટકો જ નથી. તેમાં આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાન કરવાથી નવા કર્મોનો આશ્રવ થવામાં તે સહકાર મેળવી આપે છે, માટે વ્યાધિ પ્રાપ્ત થતાં ગભરાવાને બદલે સમભાવે સહનશીલતા દાખવવી.

૨. મને જે વ્યાધિ થયો છે તેના કરતાં અનેકગણા દુઃખદાયક વ્યાધિઓથી દુનિયામાં અનેક જીવો રીબાય છે, તે રીબાતા જીવોના કરતાં મારું દુઃખ નજીવું, મામુલી અર્થાત્ કંઇ છે જ નહિં. દુનિયામાં અનેક મનુષ્યો અનેક રોગોથી પીડાય છે કે જેની કોઈ દવા તો શું પણ સારસંભાળ લેનાર પણ હોતા નથી. બીચારાઓને રહેવાને માટે ઝુંપડી નથી, ખાવાને માટે અન્ન નથી, પહેરવાને માટે વસ્ત્ર નથી તો પછી દવાને માટે પૈસા તો ક્યાંથી જ હોય ? શું આપણે આવા કુટુંબો નથી જોયાં ? તેના કરતાં આપણને તો અનેકગણા સાધનો પ્રાપ્ત થયાં છે. આવી રીતે આપણા રોગ કરતાં અન્યના સતેજ રોગોનું સંસ્મરણ કરવાથી અર્થાત્ ભાવના ભાવવાથી આપણો રોગ નરમ પડે છે અને કર્મોથી મલિન થતો આત્મા અટકે છે. અન્યના રોગનું ચિંતવન કરવાનું પ્રયોજન પોતાના રોગની શિથિલતા કરવાનું જ છે.

૩. તે અવસ્થાની અંદર જેમ બને તેમ સુંદર વિચારો લાવવા માટે ધર્મથી વાસિત થયેલા આત્માઓને પાસે બેસાડી તેમનો સંસર્ગ કરવો તેથી અસદ્ વિચારોરૂપી કાદવ દૂર થવા સંભવ છે. સારા આત્માઓની ગેરહાજરીમાં વાંચવાનો જો શોખ હોય તો આત્માને સ્થિર કરે તેવા પુસ્તકોનું વાંચન ચલાવવું અથવા તો કોઈની પાસે વંચાવવા, તેથી વધુ રોગની શાંતિમાં સહાનુભૂતિ મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય ને માધ્યસ્થ્ય આ ચાર ભાવના એટલી તો અજોડ ને સુંદર છે કે તેના વડે ભાવિત આત્મા કોઈ કાળે ઉત્કર્ષ સાધ્યા વિના રહેતો નથી, આ સહી શીક્ષા સાથેની વાત છે. આમાં સંદેહની અંશભર લાગણી રહેવા પામતી નથી.

૫. વ્યતીત કરેલા જીવનમાં જે જે અપરાધો જે જે જીવો સંબંધે કર્યા હોય તેને નિખાલસ હૃદયથી યાદ કરી ક્ષમાની માગણી કરવી તેમાં આત્માનું શ્રેય રહેલું છે.

૬. આત્મસ્વરૂપ ને કર્મસ્વરૂપ એ બન્ને તે તે રૂપમાં ઓળખાય ને તેની ભિન્નતા સમજાય તો જડ અને ચૈતન્યના ધર્મો આપોઆપ ખ્યાલમાં આવે અને તે વખતે નક્કી થાય કે આત્મધર્મ એ જ સત્ય અને ખરો ધર્મ છે. તેવા સત્ય ધર્મથી આત્મા ગમે તેવા સંજોગોમાં ભાનભૂલો બનતાં અટકે છે. તેથી પ્રત્યેક આત્માએ આત્મસ્વરૂપ અને કર્મસ્વરૂપ ઓળખવું.

૭. કસોટીમાંથી ઉત્તીર્ણ થવાય તો જ ધર્મનું પાલન થયું છે એમ માની શકાય, નહિતર વખત આવે ખસી જવાથી હૃદયમાં ખરેખરું ધર્મનું જચન થયું નથી એમ માનવું. ત્યાં આપણી નબળાઈ અને શરમજનક બીના ઉદ્ભવ પામે છે. જેવી કે રાત્રે જળનો ત્યાગ હોય, આહારનો ત્યાગ હોય, અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ હોય છતાં એ બધું એક બાજુ મૂકી, વખત આવે તેનો ઉપભોગ કરવામાં તત્પર બની જવું એથી શું આત્મા ધર્મના સાચા મર્મને સમજ્યો છે એમ કહેવાય ? એટલે જ લક્ષમાં ઉતારવા જેવી બાબત એ છે કે ધર્મ જીવંત હશે તો જ જીવન જીવતું અને જાગતું છે.

૮. પથારીમાં સૂતેલા દરદીને આજે સગાં સ્નેહીઓ શું સાચું સાંત્વન આપી રહેલા હોય છે ? નથી હોતા. તેઓ પોતે પણ આર્ત્તધ્યાન કરે છે અને સામાને પણ તેમાં દોરે છે. રોગીને સન્માર્ગે દોરે તેવા હિતવચનો બોલનારા સગાસ્નેહીઓ જવલ્લે જ મળશે, માટે તે પણ સાથેસાથે યાદ રાખવા જેવું છે કે દરદીને ઘેરી બેઠેલા સગાઓએ તેનો આત્મા સદ્‌વિચારો તરફ ઢળે તેવા પ્રકારનું જ વચન ઉચ્ચારવું.

હું પણ કબૂલ કરું છું કે મારી મામુલી માંદગીમાં કેટલીક વખત હું કાબૂ ગુમાવી બેઠો હતો, તેમ કેટલીક વખત સદ્‌વિચારોના વમળમાં પણ ઘૂમતો, પરંતુ મને એક જ વાત સત્ય ઘટના તરીકે તરી આવે છે કે માંદગીમાં મનની વ્યગ્રતા ખૂબ જોર અજમાવે છે અને તેને અટકાવવા માટે આવા સાદા વિચારો જ ઔષધરૂપ બને છે એમ ધારી મેં લખવાનું પ્રયોજન યોગ્ય માન્યું છે.

સોમચંદ ડી. શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વ્યવહાર-કૌશલ્ય

લેખક—મૌક્તિક

(૧૦૯)

### સર વોલ્ટર સ્કોટના છેલ્લા શબ્દો

**સર વોલ્ટર સ્કોટ**—સ્કોટલાંડનો મહાન નવલકથાકાર અને કવિ પોતાના જમાઇ લોકહાર્ટને છેલ્લા શબ્દો કહેતાં જણાવે છે:—

“ **લોકહાર્ટ** ! મારા વહાલા ! તારી સાથે વાત કરવાને માટે કદાચ મારે ગણતરીની બહુ થોડી પળો બાકી રહી હશે. સમજી લે : ભાઇ ! **સદ્‌ગુણી થજે, ધર્મી થજે, સારો માણસ થજે.** નહિ તો **આ સ્થાન** પર જ્યારે સૂવાનો વખત આવશે, ત્યારે એ સિવાય બીજી કોઇ પણ બાબત તને દિલાસો આપશે નહિ. ”

ઘણી મુદ્દાની વાત કરી દીધી છે. આ ( મરણની ) પથારી પર એક દિવસ સૂવાનું તો છે જ. એ વખતે આખી જિંદગીમાં કરેલાં કામોની ફિલમ ચાલવાની છે જ. આપણે માણેલાં સુખો, ભોગવેલા વિલાસો, આપેલાં દાનો, કરેલા નિયમો, ભોગવેલા આનંદો વિગેરે વિગેરે એક પછી એક પસાર થાય છે, તેની સાથે જ કરેલાં કુકર્મો, ભાંગેલા શિયળો, દીધેલી ગાળો, ફેરવેલાં વચનો, બોલેલાં અસત્યો, કરેલા દંભો વિગેરે છાતી ઉપર ચઢી બેસે છે. એ વખતે મહાન ચક્રીના ચકરાવામાં ભારે મંથન ચાલે છે. તે વખતે મોહમાં મૂંઝાયલા કકળાટ કરે છે, વલોપાત કરે છે, ગુમાવેલી તકો પર વિમાસણ કરે છે અને હારેલી–હાથમાંથી સરી જતી બાજી માટે બાપોકાર રડે છે અથવા દંભી હોય તો મનમાં પશ્ચાત્તાપના આકરા તાપમાં તપી જાય છે અને આખી જિંદગીના કડવા અનુભવો, દીધેલાં દુઃખો અને આપેલા ત્રાસો એટલો તો પશ્ચાત્તાપ કરાવે છે કે તેને ભાન રહેતું નથી, એની અક્કલ શૂન્ય થઇ જાય છે, એને પારાવાર આંતર દુઃખ થાય છે.

જેણે જીવનમાં પાપાચરણ ન કર્યાં હોય, જેણે સદ્‌ગુણી જીવન ગાળ્યું હોય, જેણે પોતાના સંયોગ અનુસાર **જનસેવા** કરી હોય, જેણે ગૃહસ્થ તરીકે વર્ષો વ્યતીત કર્યાં હોય, જેણે અંતરથી ધર્મારાધન કર્યું હોય, જેણે પાપનો પડછાયો પણ સેવ્યો ન હોય–એને તે વખતે મોજ છે. એને આગળની ચિંતા નથી, પાછળનો પશ્ચાત્તાપ નથી, અડખે–પડખેવાળા માટે શક નથી અને પોતાને માટે વિમાસણ નથી. એ તો ‘ છે છે ને છે ’ વાળું જીવન છે, એ અહીં હોય ત્યાં સુધી એને મજા છે અને જ્યાં જશે ત્યાં પણ મજા જ કરશે એવી એને આંતરશાંતિ હોય છે.

સર્વને આ પથારી પર સૂવાનું તો નક્કી છે. જો ત્યાં દિલાસો મેળવવો હોય તો ગૃહસ્થ જીવન–પવિત્ર જીવન જીવવા યોગ્ય છે. કુશળ માણસની ભાવના તો એવી હોય કે પોતે સર્વની પાસે ક્ષમા માગી, આત્મધ્યાનમાં નિમગ્ન થઇ, સર્વ સંગનો ત્યાગ કરી આનંદથી ચાલ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય. હાથમાં કરતાલ કે ઝાંઝી વગાડતો ' અબ હમ અમર ભયે ન મરેંગે ' એમ ગાતો જાય અને પૂર્ણ આનંદથી વિદાય લઇ માર્ગે પડી જાય. એવું જીવન જેનું હોય તેને આ સમયે સર્વ પ્રકારનો આનંદ છે. ભૂતકાળ તરફ શાંત વિહંગાવલોકન છે અને ભવિષ્ય તરફ શાંતિને માર્ગે મુસાફરી છે. જીવન જીવતાં આવડે એને તો એ સ્થિતિમાં પણ મોજ જ છે અને એવા સારા, પ્રમાણિક, ધર્મમય, શાંત જીવનનો ત્યાં ઓડકાર આવે છે, માટે આનંદથી જવું હોય તો સદ્ગુણી અને ધાર્મિક જીવન કરી દેવું. એમાં દેખાવ કે પ્રશંસાને અવકાશ નથી. જવું જરૂર છે, આનંદથી ગાન કરતાં જવું એમાં અનેરો આનંદ છે. કુશળ મનુષ્યને આનંદ સુલભ છે.

Be virtuous-be relijious-be good men. ( 12-3-36 ) S. V.

## ( ૧૧૦ )

### " તમારી અપૂર્ણતાઓમાંથી તમે નાસી કે છૂટી શકતા નથી; તમારે કોઇ પણ વખતે તેની સાથે સામનો કરવો જ રહ્યો; નહીં તો તમારે ખલાસ થઈ જવું પડે—તો પછી તમે જ્યાં ઊભા છો ત્યાં જ ઊભા રહી અત્યારે જ શા માટે પતાવી દેતા નથી ? "

આપણામાં અમુક નબળાઇ છે, આપણને તેનું જ્ઞાન છે, આપણે તેને સમજી સ્વીકારી શકીએ છીએ. જીવનકલહમાં આપણી તે નબળાઇ આપણને વારંવાર પજવે છે. આપણી ઇચ્છા કે અનિચ્છાએ આપણે તેને તાબે થવું પડે છે ત્યારે આપણને આંચકો આવે છે અને હવે પછી એ નબળાઇને કદી તાબે નહિ થઇએ એવું મનમાં થયા કરે છે. દારુ પીવાની, રખડવાની, જૂઠું બોલવાની કે ચોરી કરવાની આદત પડી હોય તે જાણવા છતાં એકદમ છૂટતી નથી, પણ તેને તાબે થવાનો વખત આવે ત્યારે સહૃદય સમજુને અંદરથી ઝટકો તો જરૂર વાગે છે. પછી વિચાર કરે કે હવે પછી એ આદતને તાબે કદી નહિ થઇએ. આવી પરિણામ વગરની ભાવનાસૃષ્ટિમાં ભૂલા પડવાની સ્ખલના દરેક પ્રાણી અનેક વાર કરે છે, પણ બીજી વાર આદત કે નબળાઇને તાબે થવાનો વખત આવે ત્યારે પાછા એ ભગવાન એના એ !

વાત એ છે કે વહેલે કે મોડે કોઇ પણ જાતની નબળાઇ પર સામ્રાજ્ય મેળવે જ છૂટકો છે અને તેમ ન થઈ શકે તો આપણે પોતે ખલાસ થઇ જવું પડે. સાધ્ય વગરનું અથવા સાધ્ય વિરુદ્ધનું જીવન જીવવું અથવા જીવવા ફાંફાં મારવા તેની અને મોતની વચ્ચે કાંઇ પણ તફાવત નથી, એ જીવતું મરણ છે.

આમ છે તો પછી અત્યારે જ સંયમ રાખી એ નબળાઇ પર કાબૂ મેળવવો એ વધારે ઠીક નથી ? અત્યારે શરીર સારું છે, વય તેને યોગ્ય છે, સાધનો અનુકૂળ છે અને નિશ્ચયમાં દઢતા છે, અપૂર્ણતાની પીછાન થઇ છે અને તેના ત્યાજ્યપણાનો સ્વીકાર કરી નાખ્યો છે. અત્યાર જેવો અવસર ફરી ફરીને ક્યારે આવશે ? પરાધીનપણે સંયમ થતો નથી અને વૃદ્ધા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सुभाषितरत्नमंजूषा

श्रूयतां धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यतां ।
परोपकारः पुण्याय, पापाय परपीडनम् ॥ १ ॥

એક વિદ્વાન મહાપુરુષ કહે છે કે-' તમે ધર્મનું સર્વસ્વ અર્થાત્ ધર્મનો સાર શું છે ? તે સાંભળો અને સાંભળીને ચિત્તમાં અવધારો-ધારણ કરો. તે સર્વસ્વ આ પ્રમાણે છે-' પરોપકાર તે પુણ્ય માટે છે અને પરને પીડા કરવી તે પાપ માટે છે અર્થાત્ પરોપકારથી પુણ્ય બંધાય છે અને પરને પીડા કરવાંથી પાપ બંધાય છે.' પુણ્ય ને પાપ એ શુભ અને અશુભ ફળનાં આપનાર છે.

આ શ્લોકમાં ધર્મનો સાર સાંભળવાનું કહેલ છે તેની મતલબ એ છે કે સર્વ જીવો ધર્મ સાંભળવાની ઇચ્છાવાળા કે યોગ્યતાવાળા હોતા નથી; તેથી જેઓ તેવી ઇચ્છા ને યોગ્યતાવાળા હોય તેમને ઉદ્દેશીને જ ઉપદેશક કહે છે કે સાંભળવાની સાથે સાંભળેલી હકીકતને અવધારજો-હૃદયમાં ધારણ કરજો. તેની મતલબ

---

નારી પતિવ્રતા થાય તેમાં કાંઇ વિશેષતા નથી. જ્યારે લડી જ નાખવું છે તો તો પછી આજનો દિવસ અને આજની ઘડી રળિયામણી છે, એના જેવો અવસર ફરી ફરીને આવશે કે નહિ તે કહી શકાય નહિ. અત્યારની અનુકૂળતા, વય, વીર્યશક્તિ અને નિશ્ચયબળ સર્વ સક્રિય અને સુલભ છે અને જીવનની ફતેહ ભોગ ભોગવવામાં, સ્વચ્છંદ જીવન જીવવામાં નથી, એના સરવાળા તો બાદબાકીમાં થાય છે. એના ગુણાકાર ભાંગાકારથી થાય છે. સંયમ કે અંકુશ બાદબાકી કરાવે છે એમાં જીવન-સફળતાના સંપર્કો છે.

માટે હવે આ અવસર ચૂક નહિ. અનંતી વાર તકો ગુમાવી છે. અત્યારે અપૂર્ણતા ઓળખાણી છે તો સર્વ બાબતોનો સુયોગ્ય લાભ લઇ લડી નાખો. ઘસારો લાગશે, પણ તે વગર ચળકાટ નથી અને કાળનો ભરોંસો નથી. તક ચૂકે તે ગાંડા ગણાય. સંયમમાં નુકસાન નથી અને છૂટાપણા જેવી વિફળતા નથી. ધન્ય અવસરનો લાભ લો અને અત્યારે જ લડી નાખો. કુશળ માણસ આવતો દિવસ અને મળતી તકને બરાબર ઓળખે છે અને સંયમના દમનમાં વિકાસને પીછાને છે.

---

" You cannot run away from a weakness; you must sometime fight it out or perish; and if that be so, why not now and where you stand ? "

STEVENSON ( 23-9-1937 )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ એ છે કે-કેટલાક જીવો સાંભળે છે ખરા. પરંતુ તેને ધારી રાખતા નથી-એક કાને સાંભળી બીજે કાને કાઢી નાખે છે અર્થાત્ સાંભળ્યા પછી બીજા વ્યવસાયમાં પડતાં ભૂલી જાય છે. તેમ ન થવા માટે અવધારણ કરવા ચેતવે છે. પછી કહે છે કે-આ જગતમાં પરોપકાર કરવો-અન્ય જીવો પર ઉપકાર કરવો-તેને સહાય આપવી-તેના દુઃખમાં ભાગ લેવો-યથાશક્તિ તેમના દુઃખો ટાળવા ઉદ્યમ કરવો એ બધાનો પરોપકારમાં સમાવેશ થાય છે. તે સાથે હિંસા, મૃષા, ચૌર્ય, અબ્રહ્મ વિગેરેનો ત્યાગ તે પણ સ્વ અને પરને ઉપકારના કારણભૂત છે. પરને હાનિ કરવા માટે જ પ્રાયે અસત્ય બોલાય છે અને ચૌર્યક્રિયા કરાય છે. અબ્રહ્મ તો આત્મા ને શરીર બંનેને હાનિ કરનાર છે તથા હિંસા કે જેનો વિસ્તરાર્થ પરના દિલને દુખવવું એવો પણ થાય છે તેનો પણ તેવાં સમાવેશ થાય છે. તેમજ ધનધાન્યાદિ પરિગ્રહ કે જે મેળવવા માટે અને જેના રક્ષણ માટે આ પ્રાણી અનેક પ્રકારના પાપસ્થાનો સેવે છે તે સર્વને યથાશક્તિ તજી દેવા તેનો પણ સ્વપર ઉપકારમાં સમાસ થાય છે તેથી તે આચરવા યોગ્ય છે.

પરને પીડા ઉપજાવવી, દુઃખ દેવું, હાનિ કરવી, હેરાન કરવો, હલકો પાડવો-એ બધાનો પરપીડામાં સમાવેશ થાય છે; તેથી પાપનો જ બંધ થાય છે. જેના ફળ આગામી ભવે ભોગવવાં બહુ આકરાં થઇ પડે છે. પાપ બાંધતી વખત તેનું પરિણામ શું આવશે ? તેના ફળ કેવાં કટુ ભોગવવાં પડશે ? તેનો અલ્પજ્ઞ જીવ વિચાર કરી શકતો નથી, પરંતુ ભોગવતી વખત અત્યંત અકળાય છે, મૂંઝાય છે, નિરાધાર થઇ પડે છે, રુદન કરે છે, આશ્રય શોધે છે, પરંતુ તે વખત તો ઉદય આવેલા કર્મવિપાક ભોગવવા જ પડે છે-ભોગવ્યા વિના છૂટકો થતો નથી. તેથી સુજ્ઞ જનોએ પરને પીડા જ ન કરવી કે જેથી તેના કટુ ફળ ભોગવવાનો વખત ન આવે.

આ નાનો સરખો શ્લોક પણ બહુ શિખામણ આપનાર છે. માત્ર એ શિખામણનો અમલ કરવો તે જ મુશ્કેલ છે. આવા થોડા શબ્દોમાં ઘણી હિતશિક્ષા આપનારા અનેક શ્લોકો આ જીવે સાંભળ્યા છે પણ તેના રહસ્યને અમલમાં મૂકેલ નથી. હવે આ શ્લોકને તો હૃદયમાં ધારણ કરી તેનો ઓછોવત્તો પણ અમલ કરવામાં આવશે તો આત્માનું હિત થશે ને લેખકનો પ્રયાસ સફળ થશે. સુજ્ઞને વધારે શું કહેવું ?

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૂક્તમુક્તાવલી :: સિંદૂર પ્રકર :

## સમશ્લોકી ભાષાંતર (સભાવાર્થ)

### (૧૦) ક્રોધદ્વાર

શાર્દૂલવિક્રીડિત

વિકારો ઉપજાવવા મધુ-સખા, સંત્રાસ સંપાદવા,
જે સર્પ પ્રતિબિંબ, દેહ દહવા જે અગ્નિનો ભ્રાત વા;
ને ચૈતન્ય વિનાશવા વિષતરુ-સાથી ચિરંકાળથી,
એવો ક્રોધ શુભાભિલાષી સુજને ઉન્મૂલવો મૂળથી. ૪૫

**વિવેચન**—વિકારો ઉત્પન્ન કરવામાં જે મદિરાનો મિત્ર છે, ભય પમાડવામાં જે સર્પના પ્રતિબિંબરૂપ છે, દેહના દહનમાં જે અગ્નિનો બંધુ છે, ચૈતન્યનો વિનાશ કરવામાં જે વિષવૃક્ષનો ચિરકાલીન સોબતી છે–એવા ક્રોધને શુભની ઇચ્છા રાખનારે જડમૂળથી ઉખેડી નાખવો યોગ્ય છે.

આ સુભાષિતમાં ક્રોધને મદિરાના મિત્ર આદિની **ઉપમા** આપી તેની અનિષ્ટતા સિદ્ધ કરી છે.

ક્રોધ મદિરાનો મિત્ર છે. ' **समानशीलव्यसनेषु सख्यम् ।** ' એ ઉક્તિ પ્રમાણે સમાન શીલ–વ્યસનવાળાની મૈત્રી હોય છે. એટલે ક્રોધ મદિરાનો સમસ્વભાવી છે. મદિરાના નશાથી અનેક વિકારો ઉદ્ભવે છે: જેવાં કે—પ્રથમ તો દારુડીઓ ઉશ્કેરાટ અનુભવે છે, હોઠ કંપે છે, ભૃકુટિભંગ થાય છે, નેત્ર લાલચોળ બને છે, ગતિ લડથડીઆં ખાય છે ( Staggering gait ), વાચા થોથરાય છે ( Faultering speech ), મન:સંયમ ( Self-control ) અદૃશ્ય થાય છે; બેહોશ બને છે; સ્મૃતિભ્રંશ થાય છે; માતાને પ્રિયા માનવા સુધીની બેવકુફી પણ તે બતાવે છે; અરે ! એક કવિએ વર્ણવ્યું છે તેમ શ્વાન પણ તેના મુખમાં લઘુશંકા કરે તો તે ' સ્વાદુ ! સ્વાદુ ! ' એમ ગણી પી જાય છે ! આવો વિવેકભ્રંશ મદ્યપોમાં જોવામાં આવે છે. તેવા જ પ્રકારના વિકાર ક્રોધવશ મનુષ્યમાં દૃષ્ટિગોચર થાય છે. ભ્રૂભંગ, અધરસ્ફુરણ, અંગકંપ, નેત્રરક્તતા, યદ્વાતદ્વા બકવાદ આદિ બાહ્ય અંગવિકારો તેમજ સ્મૃતિભ્રંશ, વિવેકહીનતા આદિ અંતરંગ વિકારો ક્રોધાવિષ્ટ જનમાં પ્રત્યક્ષ દેખાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભય ઉપજાવવામાં ક્રોધ સર્પના પ્રતિબિંબરૂપ છે. સર્પના દર્શનથી જેમ ભયનો સંચાર થાય છે તેમ ક્રોધમૂર્તિરૂપ સર્પના દર્શનથી ભય ઉપજે છે. મણિથી અલંકૃત એવા સર્પનો પણ જેમ દૂરથી પરિહાર કરવામાં આવે છે તેમ ક્રોધી મનુષ્યને જનતા દૂરથી પરિહરે છે. સર્પના દંશથી જેમ વિષવેગ ચડે છે, મૂર્છા ઉપજે છે અને મરણ પણ નિપજે છે તેમ ક્રોધ-ફણિધરના દંશથી અવિવેકરૂપ વિષ ચડે છે, મોહરૂપ મૂર્છા આવે છે અને આત્માનું ભયંકર **ભાવમરણ** થાય છે.

ક્રોધને ત્રીજી ઉપમા અગ્નિના બંધુની છાજે છે. અગ્નિની જેમ ક્રોધથી દેહ બળે છે, લોહી ઉકળે છે; બળતાણીઆ-ક્રોધી સ્વભાવવાળાનું શરીર પણ બળી જાય છે-શોષાઇ જાય છે, એમ સામાન્ય લોકવ્યવહારમાં પણ મનાય છે. અગ્નિ બીજાને બાળે કે ન બાળે, પણ પોતાના આશ્રયને તો બાળે જ છે તેમ ક્રોધાગ્નિ પણ બીજાને બાળે કે ન બાળે પણ ક્રોધ કરનારને પોતાને તો બાળે જ છે. તે માટે અન્યત્ર સુભાષિત કહ્યું છે કે:—

" उत्पद्यमानः प्रथमं दहत्येव स्वमाश्रयं ।
क्रोधः कृशानुवत्पश्चादन्यं दहति वा न वा ॥ "

શ્રી યોગશાસ્ત્ર, પ્ર. ૪, શ્લો૦ ૧૦

" पूर्वमात्मानमेवासौ क्रोधांधो दहति ध्रुवम् ।
पश्चादन्यं न वा लोको विवेकविकलाशयः ॥ " શ્રી જ્ઞાનાર્ણવ

" **આગ ઊઠે જે ઘરથકી, તે પ્હેલું ઘર બાળે;**
**જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પરજાળે.** " શ્રી ઉદયરત્ન

અથવા તો ક્રોધાગ્નિ યમ-પ્રશમ આદિથી પરિપુષ્ટ થયેલા ધર્મરૂપ દેહને બાળી નાખે છે.

ક્રોધ વિષવૃક્ષનો ચિરકાળનો સોબતી છે વિષવૃક્ષના સંસર્ગમાં જે આવે છે તેના ચૈતન્યનો સર્વનાશ થાય છે તેમ ક્રોધરૂપ વિષવૃક્ષના સમાગમથી ચૈતન્યનો-આત્માના જ્ઞાનસ્વભાવીપણાનો લોપ થાય છે, આત્માનું ભાવમૃત્યુ-પારમાર્થિક મરણ થાય છે.

આમ જેને મદિરાની, સર્પની, અગ્નિની અને વિષવૃક્ષની અધમ ઉપમાઓ ઘટે છે, એવા ક્રોધને આત્મહિતૈષી સજ્જનોએ જડમૂળથી ઉખેડી નાખવો યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરિણી છંદ

તપચરણ-વૃક્ષ શ્રેયઃશ્રેણી-પુષ્પ પ્રદર્શતું,
પ્રશમ-જલથી સિંચાતાં મુક્તિ-સત્ફલ અર્પતું;
પણ નિકટતા જો તેને ક્રોધ-અગ્નિની સંપજે,
વિફલ થઇ તો તે નિશ્ચે ભસ્મીભાવપણું ભજે. ૪૬

**વિવેચન**—કલ્યાણપરંપરારૂપ પુષ્પ દર્શાવતું એવું તપશ્ચરણરૂપ વૃક્ષ, પ્રશમરૂપ જળથી સિંચિત થતાં થતાં, મુક્તિરૂપ ફળ આપે છે; પણ આ વૃક્ષ જો ક્રોધ-અગ્નિનું સમીપપણું પામે તો તે નિષ્ફળ થઈ ભસ્મીભૂત બને છે.

એક ન્હાનો છોડ હોય, તે જળથી સિંચાતાં સિંચાતાં અનુક્રમે વૃદ્ધિ પામી સુંદર વૃક્ષરૂપ થાય છે; તેને સુગંધી ફૂલ આવે છે; અને ફળ થવાનો સમય નિકટ આવે છે; હવે આ વૃક્ષને જો અગ્નિનો સમાગમ થાય તો ફળ આવવાં તો દૂર રહ્યાં, પણ તે વૃક્ષ સમૂળગું બળીને ખાખ થઈ જાય છે-અને તે પણ ક્ષણમાત્રમાં. તે જ પ્રમાણે તપશ્ચરણરૂપ વૃક્ષ પ્રશમ-જલના સિંચનથી પરિ-પોષણ પામી વૃદ્ધિગત થાય છે, અનેક પ્રકારની કલ્યાણપરંપરારૂપ ફૂલ પ્રદર્શિત કરે છે, માત્ર મુક્તિરૂપ ફળ મળવાની અપેક્ષા બાકીમાં છે. એવામાં જો ક્રોધરૂપ અગ્નિનો ઉદ્‌ભવ થાય તો તે મોક્ષ-ફળ મળવું તો દૂર રહ્યું, પણ આખું તપ-વૃક્ષ સમૂળગું બળીને ભસ્મીભૂત થઇ જાય છે, તેનું નામનિશાન રહેતું નથી. ઘાસની ગંજીમાં પડેલો એક તણખો પણ જેમ આખી ગંજી બાળી નાંખે છે તેમ ક્રોધ-અગ્નિનો ન્હાનો સરખો સ્ફુલિંગ પણ તપ-વૃક્ષને બાળી નાંખે છે. વળી વૃક્ષને અનુક્રમે વૃદ્ધિ પામતાં તો ઘણો સમય જાય છે, પણ અગ્નિથી વિનાશ તો તે ક્ષણમાત્રમાં પામે છે. તે જ પ્રકારે મહાકષ્ટે પરિપુષ્ટ કરેલું તપશ્ચરણ-વૃક્ષ ક્રોધાનળથી પળવારમાં ભસ્મીભૂત થાય છે; ઘણા કાળની મહેનત થોડી વારમાં વેડફાઇ જાય છે, બરબાદ જાય છે. જેમ મકાન ચણતાં વાર લાગે છે પણ ખણતાં-પાડી નાખતાં વાર લાગતી નથી, જેમ પર્વત પર ચડતાં વાર લાગે છે પણ પડતાં વાર લાગતી નથી, તેમ તપ-વૃક્ષને વૃદ્ધિ પામતાં વાર લાગે છે, પણ ક્રોધાનળથી ભસ્મીભૂત થતાં વાર લાગતી નથી. તે માટે કહ્યું છે કેઃ—

सत्संयममहारामं यमप्रशमजीवितम् । देहिनां निर्दहत्येव क्रोधवह्निः समुत्थितः ॥
दृग् वोधादिगुणानर्घ्यरत्नप्रचयसंचितम् । भाण्डागारं दहत्येव क्रोधवह्निः समुत्थितः ॥

શ્રી જ્ઞાનાર્ણવ

"ક્રોધે ક્રોડ પૂરવતણું, સંજમ ફળ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તે લેખે નવ થાય." શ્રી ઉદયરત્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ક્રોધાગ્નિનો પ્રતીકાર કરવો હોય, બુઝવવો હોય તો ક્ષમારૂપ જલવાહિની તેનો ઉપાય છે.

" क्रोधवह्नेस्तदाह्नाय शमनाय शुभात्मभिः ।
श्रयणीया क्षमैकैव संयमारामसारणिः ॥ શ્રી યોગશાસ્ત્ર

શાર્દૂલવિક્રીડિત

દેતો તાપ, વિભેદતો વિનય જે, સૌહાર્દ સંહારતો,
દે ઉદ્વેગ, અવદ્ય વાક્ય સૃજતો, જે ક્લેશ જન્માવતો;
કાપે કીર્તિ, હરે સુપુણ્ય ઉદય, સ્થાપે કુબુદ્ધિ અને,
આપે દુર્ગતિ, રોષ દોષયુત તે સંત્યાજ્ય છે સંતને. ૪૭

**વિવેચન**— જે સંતાપ આપે છે, વિનયનો નાશ કરે છે, સૌહાર્દ સંહરે છે, ઉદ્વેગ દે છે, નિન્દ્ય વચન ઉપજાવે છે, કલહ જન્માવે છે, કીર્તિ લોપે છે, પુણ્યોદય હરી લે છે, દુર્બુદ્ધિ ઉત્પન્ન કરે છે અને દુર્ગતિ આપે છે, એવો દોષવંત ક્રોધ સજ્જનોએ ત્યજવા યોગ્ય છે.

ક્રોધથી કેવા કેવા દોષ ઉપજે છે તે અત્ર દર્શાવી તેનું ત્યાજ્યપણું બતાવ્યું છે. ક્રોધ કરનારને પોતાને સંતાપ ઉપજે છે એ તો પ્રગટ વાત છે અને બીજા ઉપર પણ તેની પ્રત્યાઘાતી અસર ( Reaction ) થાય છે, એટલે તેનો ક્રોધ પણ ઉદ્દીપ્ત થાય છે, અથવા બીજી રીતે તેના મનને આઘાત પહોંચે છે.

ક્રોધથી ઉદ્ધત થયેલા મનુષ્યમાં વિનય રહેતો નથી. ક્રોધના આવેશમાં તે નમ્રતાને તિલાંજલિ આપે છે, બોલવાં-ચાલવામાં આવશ્યક એવી સામાન્ય સભ્યતાને પણ વિસરી જાય છે, નાનામોટાનો વિવેક ભૂલી જાય છે, પૂજ્ય ગુરુજનોનું પણ જોતજોતામાં હડહડતું અપમાન કરી નાંખે છે, તો પછી બીજાનો વિનય તો તે ક્યાંથી રાખે ?

ક્રોધ સૌહાર્દનો નાશ કરે છે. સૌહાર્દ એટલે સહૃદયતા અથવા મિત્રતા. ક્રોધથી હૃદયનું સારાપણું રહેતું નથી, અથવા ક્રોધ આગળ મિત્રતા ટકતી નથી. ક્રોધથી પોતાને અને પરને ઉદ્વેગ ઉત્પન્ન થાય છે. ક્રોધના આવેશમાં મનુષ્ય નિન્દનીય વચન ઉચ્ચારે છે, અપશબ્દ બોલે છે, ગાલીપ્રદાન કરે છે. ક્રોધને લઇ કલહ ઉપજે છે. નજીવી વાતમાં પણ ક્રોધને લઈ અંત પર્યંતના ઝઘડા એ દુનિઆના દૈનિક બનાવોમાં જોવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રોધથી કીર્તિનો લોપ થાય છે. દ્વૈપાયન ઋષિએ ક્રોધાવેશમાં આખી દ્વારિકાનું દહન કરી પોતાની કીર્તિને કલંક લગાડ્યું, એ દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

સંસારી જીવ સાથે '**પુણ્યોદય**' નામનો મિત્ર-સહચર પ્રચ્છન્નપણે ભવાન્તરોમાં અનુગામી હોય છે; તે પણ ક્રોધરૂપ 'વૈશ્વાનર'ના (અગ્નિના) તાપથી ભય પામીને દૂર પલાયન કરી જાય છે.

ક્રોધાવિષ્ટમાં સારાસારનો વિવેક રહેતો નથી, એના મનઃપરિણામ સંક્લિષ્ટ હોઈ દુષ્ટ બુદ્ધિ ઉપજે છે.

ક્રોધથી રૌદ્રધ્યાનની ઉત્પત્તિ થાય છે, અને રૌદ્રધ્યાનનું પરિણામ નરકાદિ દુર્ગતિ છે. અતિ ક્રોધી જીવને સર્પ-વ્યાઘ્ર-સિંહ આદિના ભવ સાંપડે છે, કે જે ભાવોમાં ક્રોધનું તરતમપણું વિશેષ દૃષ્ટિગોચર થાય છે.

**"ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંહિ;**
**પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા આંહિ."**

—શ્રી આત્મસિદ્ધિ ( શ્રીમદ્ રાજચંદ્ર )

**"સાધુ ઘણો તપીઓ હતો, ધરતો મન વૈરાગ;**
**શિષ્યના ક્રોધથકી થયો, ચંડકોશીઓ નાગ."**

**—શ્રી ઉદયરત્ન**

આવો દોષયુક્ત જે ક્રોધ તે સત્પુરુષોએ તજવા યોગ્ય છે અને ક્રોધનો ત્યાગ કરવા માટે ક્ષમાભાવનાની આવશ્યકતા છે; આ ક્ષમાભાવનાનું અતિ સુંદર સ્વરૂપ **શ્રી જ્ઞાનાર્ણવ, શ્રી યોગશાસ્ત્ર** આદિમાં વર્ણવવામાં આવ્યું છે, તે મનન કરવા યોગ્ય હોઇ તેમાંથી યત્કિંચિત્ પ્રસંગોચિત અત્ર અવતારવામાં આવે છે:—

"કર્મપીડિત એવા મને જો કોઇ પણ મ્હારા સ્ફુટ દોષની ચિકિત્સા કરી સ્વસ્થ ( આત્મભાવમાં સ્થાપિત ) કરે તો તે તો મ્હારો સાચો મિત્ર છે.

"પોતાની પુણ્યસંતતીનો નાશ કરીને જે મ્હારા દોષને હણે છે, તેના પ્રત્યે જો હું રોષ કરૂં તો મ્હારાથી બીજો અધમ કોણ ?

"એણે મ્હારા પર આક્રોશ કર્યો છે, પણ મ્હને માર્યો તો નથી ને ? માર્યો છે તો એ ટુકડા તો કર્યા નથી ને ? મારા શરીરને હણ્યું છે પણ આ બંધુએ મ્હારા ધર્મને તો હણ્યો નથી ને ?

"મોક્ષાર્થીઓને મહાવિઘ્નો ઉપજે છે, તે જો ખરેખર ! મ્હને આવી પડ્યાં છે તો હું હવે સમતાનો આશ્રય કરૂં.

"પૂર્વે મેં જે કર્મ બાંધ્યું છે તે મ્હારે જ ભોગવવાનું છે; સુખદુઃખ દેવામાં તત્પર એવા બીજા જન તો નિમિત્ત માત્ર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" કર્મશત્રુઓ આક્રમણ કરી, રોષાગ્નિનું ઉદ્દીપન કરાવીને, મ્હારી પાસેથી શમલક્ષ્મી લૂંટી લેશે.

" વિવેકજ્ઞાનપૂર્વક જે શમનો મેં પૂર્વે અભ્યાસ કર્યો છે તેની પરીક્ષા કરવા માટે આજે આ શત્રુઓ ઊઠ્યા છે.

" આ તો અયત્નથી જ કર્મનિર્જરા થઇ કેમ કે નાના પ્રકારના ઉપાયોથી એણે મ્હારી નિર્ભર્ત્સના ( તિરસ્કાર ) કરી. ઇત્યાદિ. "

**જુઓ: જ્ઞાનાર્ણવ, પ્ર. ૧૯, શ્લો. ૧૪-૩૯.**

" પોતે પાપને અંગીકાર કરીને જે મને દુઃખ આપવા ઇચ્છે છે, તે પોતાના કર્મથી જ હણાયેલો છે, તે બાપડા ઉપર કોણ ક્રોધ કરે ?

" અપકારી પ્રત્યે જ ક્રોધ કરવા ઇચ્છતા હો, તો દુઃખના કારણ એવા પોતાના અશુભ કર્મો પ્રત્યે કેમ ક્રોધ કરતા નથી ? શ્વાન પોતાને પથ્થર મારનારની ઉપેક્ષા કરી, પથ્થરને કરડવા દોડે છે. પણ સિંહ તો બાણની ઉપેક્ષા કરી બાણ મારનારને મારવા દોડે છે તેમ ખરા અપરાધીને શોધી તેને શિક્ષા કરવી યોગ્ય છે. તમારા ક્રૂર કર્મની પ્રેરણાથી તમને કોઇ માણસે દુઃખ દીધું, તે કર્મોની ઉપેક્ષા કરી તે મનુષ્ય પ્રત્યે તમે ક્રોધ કરો છો તો શું તમે શ્વાનનું અનુકરણ કરતા નથી ?

" સંભળાય છે કે શ્રી **મહાવીરદેવ** અન્ય અનાર્યોનો ક્રોધ સહન કરવા છદ્મસ્થપણે મ્લેચ્છ દેશમાં વિહર્યા હતા, તો આ તો તમને વિનાપ્રયત્ને અવસર મળ્યો છે તો તેને તમે સમભાવે કેમ સહન કરતા નથી ? ઇત્યાદિ. "

**—શ્રી યોગશાસ્ત્ર, પ્ર. ૪, શ્લો. ૯-૧૦.**

શાર્દૂલવિક્રીડિત—

**બાળે ધર્મ દવાગ્નિ જેમ દ્રુમ જે-લોપે નીત નિર્મલા.**
**હસ્તી જેમ લતા.—સુકીર્ત્તિ ગ્રસતો જ્યું રાહુ ઇંદુકલા;**
**ભેદે સ્વાર્થ સમીર જેમ ઘનને. ઉલ્લાસતો આપદા,**
**તૃષ્ણાને જ્યમ ગ્રીષ્મ.—ક્રોધ ક્રૂર તે શું યોગ્ય હોયે કદા ? ૪૮**

**વિવેચન**—દાવાનળ જેમ વૃક્ષને બાળી નાંખે છે તેમ જે ધર્મને બાળી નાંખે છે, હાથી જેમ લતાને ઉખેડી નાંખે છે તેમ જે નીતિનું ઉન્મૂલન કરે છે, રાહુ જેમ ચંદ્રકળાને ગ્રસી લે છે તેમ જે કીર્ત્તિને ગ્રસી લે છે. વાયુ જેમ મેઘને વિદારી નાંખે છે તેમ જે સ્વાર્થને વિદારી નાંખે છે, ગ્રીષ્મ જેમ તૃષ્ણાની વૃદ્ધિ કરે છે તેમ જે આપત્તિની વૃદ્ધિ કરે છે,—એવો દયાહીન ક્રોધ શું કરવો ઉચિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્ર પ્રતિવસ્તૂપમા અલંકારોથી ક્રોધનું અનિષ્ટત્વ દર્શાવ્યું છે. દાવાગ્નિ જેમ ઝાડને બાળી નાંખે છે, તેમ ક્રોધરૂપ દાવાનળ ધર્મરૂપ વૃક્ષને બાળી નાંખે છે. પૂર્વે કહ્યું છે તેમ વૃક્ષને અનુક્રમે વૃદ્ધિ પામતાં તો ઘણી વાર લાગે છે, પણ દાવાનળના સપાટામાં આવતાં તે ક્ષણમાત્રમાં ભસ્મીભૂત થાય છે; તેમ ધર્મવૃક્ષ ક્રોધ—દવથી ક્ષણમાત્રમાં ભસ્મીભૂત થઇ જાય છે.

જેમ હાથી લતાને ઉન્મૂલી નાંખે છે, તેમ ક્રોધ—હસ્તી નીતિલતાનું ઉન્મૂલન કરે છે. કયાં પ્રચંડ હાથી અને કયાં કોમળ લતા? હાથીને લતા જેવી કોમળ વસ્તુનો કચ્ચરઘાણ કાઢી નાંખવો એ લીલામાત્ર છે, તેમ ક્રોધરૂપ હાથીને નીત—લતાનું નિર્મથન કરવું બહુ સુગમ છે. તાત્પર્ય કે ક્રોધ હોય ત્યાં નીતિ (ન્યાય્ય વર્તના) ટકતી નથી.

જેવી રીતે રાહુ ચંદ્રકળાનું ગ્રહણ કરે છે, તેવી રીતે ક્રોધ—રાહુ કીર્તિરૂપ ઇંદુકળાને ગ્રસી લે છે-વિલુપ્ત કરે છે.

જેમ વાયુ વાદળાને વિદારી નાંખે છે, તેમ ક્રોધ—વાયુ સ્વાર્થ-આત્માર્થરૂપ મેઘને વિખેરી નાંખે છે. વ્યાવહારિક રીતે જોઇએ તો ક્રોધી મનુષ્ય પોતાના સ્વાર્થને—અર્થલાભ આદિને પણ હાનિ પહોંચાડે છે, કારણ કે ક્રોધાવેગમાં તે એવું બાફી મારે છે, એવા સંબંધ બગાડી નાંખે છે કે તે સામા માણસને પોતાથી વિમુખ બનાવે છે, જેના પરિણામે સ્વાર્થહાનિ શોષવી પડે છે. પારમાર્થિક દૃષ્ટિએ વિચારીએ તો ક્રોધાદિ કષાય આત્માના પરમ શત્રુ છે. તે પરમ શત્રુઓને જે પરમ પ્રેમી મિત્ર માનીને ભેટે-સત્કારે, તે પોતે પોતાનો શત્રુ ઠરે છે, આત્મવૈરીપણું દાખવે છે અને પોતાના સ્વાર્થનો—આત્માર્થનો નાશ નિમંત્રે છે.

જેમ ગ્રીષ્મ તૃષ્ણાને વધારે છે તેમ ક્રોધ-ગ્રીષ્મ આપત્તિરૂપ તૃષ્ણાને વધારે છે. વળી ક્રોધમાં કરુણાભાવનો લોપ થાય છે, નિર્ધ્વંસ-ઘાતકી પરિણામ ઉપજે છે અને તેના આવેશમાં મનુષ્ય અનેક ન કરવાના અનર્થો કરી બેસે છે. નિષ્ઠુર પ્રહાર, આત્મઘાત, પરઘાત આદિ તેના દુષ્પરિણામ છે. હિંસા અને ક્રોધનો સંબંધ અત્યંત નિકટનો છે: હિંસા ક્રોધની બ્હેન છે. આવો જે ક્રોધ તે શું કરવા યોગ્ય છે?

## સામાન્ય વ્યાખ્યા

આ દ્વારમાં અને આ પછીના ત્રણ દ્વારમાં અનુક્રમે ચાર કષાયનું વર્ણન છે. આ કષાયની વ્યાખ્યાનું અત્ર પ્રસંગથી દિગ્દર્શન કરીએ.

કષાય એટલે શું? કષ=સંસાર, આય=લાભ, પ્રાપ્તિ. જેનાવડે કરીને સંસા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રની પ્રાપ્તિ થાય તે કષાય. એ ક્રોધાદિ દીર્ઘ સંસારના પ્રધાન કારણ છે, માટે તેને 'કષાય' નામ આપ્યું છે તે સાર્થક છે.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય છે. હેતુવિશેષને લઇને તથા તીવ્ર-મંદ આદિ તરતમતાના ભેદને લઈને તે પ્રત્યેકના ચાર પ્રતિભેદ છે: અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન. જ્યાંસુધી અનંતાનુબંધી ( જેનાથી અનંત સંસારનો અનુબંધ થાય તે ) કષાય હોય ત્યાંસુધી મિથ્યાત્વ જાય નહિં અને સમ્યકત્વ આવે નહિં; જ્યાંસુધી અપ્રત્યાખ્યાનાવરણ કષાય હોય ત્યાંસુધી અલ્પ પણ વિરતિ થઇ શકે નહિં; જ્યાંસુધી પ્રત્યાખ્યાનાવરણ કષાય હોય ત્યાંસુધી સર્વથા વિરતિ થાય નહિં; જ્યાંસુધી સંજ્વલન કષાય હોય ત્યાંસુધી સર્વથા અપ્રમત્તપણું-યથાખ્યાત વીતરાગ ચારિત્ર હોય નહિં. આ ચાર પ્રકારના પ્રતિભેદનું સ્વરૂપ સમજાવવા માટે શાસ્ત્રમાં સ્થૂળ દષ્ટાંતો કહ્યા છે:

" जल-रेणु-पुढवि-पव्वयराईसरिसो चउव्विहो कोहो ।
तिणिसलया-कट्ठ-ट्ठिय-सेलत्थंभोवमो माणो ॥
मायाऽवलेहि-गोमुत्ति-मिंढसिंगघणवंसिमूलसमा ।
लोहो हलिद्द-खंजण-कद्दम-किमिरागसारित्थो ॥ " —શ્રી કર્મગ્રંથ

આનો સારાંશરૂપ **અર્થ**:—જળ, રેણુ, પૃથ્વી ને પર્વતની રેખા સમાન ચાર પ્રકારનો ક્રોધ છે, નેત્રલતા, કાષ્ટ, અસ્થિ ને પથ્થરના સ્થંભ સમાન ચાર પ્રકારનું માન છે, અવલેખિકા, ગૌમૂત્ર, મેંઢાનું શિંગડું ને ઘનવંશના મૂળ સમાન ચાર પ્રકારની માયા છે, તે હળદર, ખંજન, કાદવ ને કીરમજના રંગ જેવો ચાર પ્રકારનો લોભ છે.

આમ કષાયની પ્રાસંગિક વ્યાખ્યા સંક્ષેપમાં કહી. આ શ્લોકચતુષ્કનો સાર:-

સ્રગ્ધરા—

**જે મદ્યોનો સખા છે, વિષદ્રુમ સમ છે જેહ ચૈતન્ય નાશે,**
**જે છે સર્પપ્રતિમા, તપતરુદહને અગ્નિ સાક્ષાત ભાસે;**
**લોપે કીર્ત્તિ નીતિ જે, બહુ કલહ કરે, મૈત્રીનો અંત લાવે,**
**દુર્બુદ્ધિ દુર્ગતિ દે દૂષણબહુલ તે ક્રોધને કોણ સેવે ?**

॥ इति क्रोधद्वारम् ॥

ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક–પુરૂષો

## અભયકુમાર

( ગતાંક પૃષ્ઠ ૪૧૨ થી શરૂ )

'પધારો, પધારો, મંત્રી મહાશય ! આટલી મોડી રાત્રિએ આપે જાતે પધારવાની તસ્દી કેમ લીધી ? એવું તે શું કામ આવી પડયું ? '

અભય—રથવીરસિંહજી ! ખાસ કામ વગર હું આપને તસ્દી આપું જ નહીં. એકાએક મહારાજને શરીરમાં સખત પીડા ઉપડી છે. વૈદ્યરાજનું કહેવું છે કે એક ટાંકભર માનવ કલેજાનું માંસ લાવવામાં આવે તો આ ગહન વ્યાધિનો પ્રતીકાર થઇ શકે. આજે સવારની બેઠકમાં આપે જ માંસને સસ્તું દર્શાવેલું તેથી પ્રથમ હું આપની પાસે જ દોડી આવ્યો. મારી માગણી સત્વર સંતોષી મને છૂટો કરશો કે જેથી જલ્દી મહારાજાનો ઉપચાર થઈ શકે.

'મહામંત્રી ! મેં માંસ સોંઘું ગણાવેલું એ સાચું પણ મારા કાલજાનું ટાંકભર માંસ આપીને હું જીવતો કેમ રહી શકું ? માટે કૃપા કરી મારું આ નજરાણું સ્વીકારો અને મને મુક્ત કરો.' એટલું કહી રથવીરસિંહજીએ સોનામહોરોની એક થેલી મંજૂષામાંથી મંગાવી મંત્રી સન્મુખ ધરી.

નિરાશ વદને પાછા ફરવાનું હોય તેમ એ થેલી સાથેના પરિચારકને સોંપી મંત્રી દાદર ઉતરી ગયા અને તુરત જ શિબિકા બીજા ભાયાતના પ્રાસાદ તરફ લેવરાવી.

દીલિપસિંહજી તો શ્રેણિક ભૂપના ખાસ સુહૃદ હતા. ભાગ્યે જ એમની હાજરી વિના એક પણ મૃગયાએ મહારાજા નીકળ્યા હોય ! માંસ આસ્વાદનની લહેજત વેળા દીલિપસિંહની વાણી છૂટથી નાચી રહે. એ વેળાના વર્ણન સાંભળતાં જ કવિની પંક્તિમાં એ મહાશયને મૂકવાનું મન થાય.

અહીં પણ ટાંકભર માંસની માગણી શ્રવણ કરતાં જ, આવકાર સમયના હસતા મુખડા પર એકાએક વિષાદની કાલિમા પથરાઇ ગઈ. વદન દીન બન્યું. 'કોઇ પણ રીતે—એ સારુ મનગમતું નજરાણું લઇને પણ–અન્ય કોઇને શોધી લ્યો એમ અચકાતા–અચકાતા ઉચ્ચાર્યું.'

મંત્રીજીએ ત્યાંથી પણ થેલીઓ ઉચકાવી, ભ્રમર માફક એક પુષ્પ પરથી બીજા પર અને ત્યાંથી ત્રીજા પર એમ મહારાજના કેટલાએ સાથીઓ અને સલાહકારોના નિવાસમાં ફરી વળ્યા. કાલજાના માંસ નિમિત્તે સંખ્યાબંધ સુવર્ણમહોરોયુક્ત થેલીઓરૂપી રસ ચૂસ્યો. આમ છતાં 'સર્વ પદાર્થો કરતાં માંસ સસ્તું છે' એવી બડાશ હાંકનાર એક પણ ભાયાતે ટાંકભર માંસ કાપી ન આપ્યું. સર્વને સ્વજીવન વ્હાલું લાગ્યું !

બીજે દિવસે જ્યારે દરબારમાં બેઠક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળી ત્યારે મહારાજા શ્રેણિક તો સામે રાખેલી પાટ પર થેલીઓનો ખડકલો નિરખી આભા જ બની ગયા! ઘડીભર લાગ્યું કે 'મહામંત્રી અભય આજે નિઃસંદેહ ગાંડો બની ગયો છે, તે વિના આ જાતનું પ્રદર્શન ક્યાંથી!' તરત જ આવેગમાં આવી જ્યાં કારણ માટે પ્રશ્ન કરવા મુખ ખોલે છે ત્યાં તો અભયકુમારના શબ્દો કાને પડ્યા–'મહારાજ! ગઇ કાલે આપે સર્વ ભક્ષ્ય પદાર્થોમાં માંસને સોંઘું ઠરાવેલું પણ ખરેખર તેમ નથી. આપ નજર સામે જોઇ લ્યો, સોનામહોરોનો આ રાશિ. માત્ર એક ટાંકભર માંસની કિંમત સાટે એ પ્રાપ્ત થયેલ છે! હવે નિર્ણય કરો કે માંસ સોંઘું કે મોંઘું ?'

શિકારદ્વારા પરના પ્રાણ અપહરણ કરી રસનાઇંદ્રિયની લોલુપતામાં રંગ બાંધવો અથવા રાંક પ્રાણીઓ પર પ્રહાર કરી વીરતાના બણગા ફુંકવા એ સ્હેલું છે; પણ જ્યારે પોતાના જીવ પર આવે છે ત્યારે જ જીવન કેવું મીઠું છે અને મરણભય કેવો જાલિમ છે એનો સાચો સાર સમજાય છે. સૃષ્ટિતળ પરના નાના મોટા દરેક આત્માને જીવન પ્યારું છે. સર્વને જીવવાની આકાંક્ષા જ વર્તે છે. તેથી જ '**आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति**' એમ કહેલું છે.

એ સૂત્ર હૃદયમાં ધારણ કરાય તો માંસ જેવી મોંઘી કોઇ વસ્તુ નથી એ વાત સહજ સમજાય. મૃગયાનો છંદ આપોઆપ ઓસરી જાય અને નિરપરાધી જીવોના માથે ઝઝૂમી રહેલ ભયંકર ભયરૂપી વાદળ વિખરાઇ જાય.

શ્રેણિક–અભય! ખરેખર તેં આજે મારા નેત્રો ખોલી દીધા છે. ગર્ભવતી હરણીના કોમળ ગર્ભે મારું અંતર વલોવી નાંખેલું. એ વેળા પુનઃ આવું નહીં કરું એવા પરિણામ પણ થયેલાં. ચેટકતનયાનો એ માટે ઉપદેશ તો ચાલુ જ છે, પણ આ મિત્રમંડળીની પ્રેરણા અને જિહ્વા પર ચોંટી બેઠેલ સ્વાદ મને એ છંદમાંથી મુક્ત નહોતા કરી શક્યા. ત્હારી ટાંકભર કાળજાના માંસ અર્થની પ્રયુક્તિએ મારા અંતરનો પડદો ચીરી નાંખ્યો છે. તેથી કાયમને માટે માંસભક્ષણ છોડવાનું 'પણ' હું ગ્રહણ કરું છું.

અભય–તો પછી નેકનામદાર એ નિયમ પરમાત્મા શ્રી મહાવીરદેવની સાક્ષીમાં જ લ્યો. એ મહાસંતની શીતળ છાયામાં સ્વીકૃત કરેલ પ્રતિજ્ઞામાં સ્ખલન થવાનો પ્રસંગ જ ન ઉદ્ભવે. સાથોસાથ ગર્ભવતી મૃગલીના પાપનું પ્રાયશ્ચિત્ત પણ માગજો. સીધો રાહ તો 'બંધ સમયે ચિત્ત ચેતીએ રે, શો ઉદયે સંતાપ' રૂપ વાક્યમાં સમાયો છે; છતાં પાપ થયું ન થયું થનાર નથી, એટલે હવે આલોચના કરવી એ જ એક માત્ર માર્ગ છે.

મંત્રીશ્વરની બુદ્ધિમત્તાનું આ ઉદાહરણ સંઘરવા જેવું છે. એ પછી જ શ્રેણિકનૃપના જીવનનો અનેરો પલટો થયો. એ કથાપ્રસંગ લાંબો હોઇ ચાલુ વિષય સહ અપ્રસ્તુત છે. બાકી શાસ્ત્રકારોએ તો કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ज्ञानचारित्रहीनोऽपि,
श्रूयते श्रेणिकः किल ।
सम्यग्दर्शनमहात्म्यात्,
तीर्थकृत्त्वम् प्रपत्स्यते ॥

એ શ્લોકનું બીજ ઉપરોક્ત બનાવમાં છે. પ્રભુમુખથી અહિંસાનું સુંદર સ્વરૂપ સાંભળી, જીવવધ પાછળ રહેલ મહાપાપનું વર્ણન વિચારીને જ શ્રેણિક મહારાજ પ્રભુ શ્રી વીરના અનન્ય ભક્ત બન્યા. અડગ શ્રદ્ધાધર તરીકે દેવ, દાનવ અને નરસમૂહમાં ગવાણા–જૈન શાસનના સ્થંભ થઇ પડ્યા.

એ જીવંત શ્રદ્ધાએ દેવતાઇ હાર અપાવ્યો, એની પ્રાપ્તિથી રાણી ચેલણાને હર્ષાનંદ થયો અને અકસ્માત તે ચોરાઇ જતાં જબરો સંક્ષોભ પણ પેદા થયો.

ચોરની તપાસનો બોજો અથડાઇ કૂટાઇ આવ્યો મંત્રી અભયના માથે. ચાલાક પ્રજ્ઞાવંતની પ્રજ્ઞા એ અર્થે અહર્નિશ ખરચાતાં પણ ગુન્હો અણઉકલ્યો રહ્યો ! સાત દિનની અંતિમ અવધિનો છઠ્ઠો સૂર્યાસ્ત આથમી ચૂકયો. આવતી કાલ એ તો પાખી. ધર્મજ્ઞ મંત્રી એ દિને પૌષધ ન મૂકે. વ્યાઘ્ર તટિ ન્યાય જેવું. પૌષધ પારીને આવતાં જ કયાં તો હાર મંગાવવાની અગર તો મૃત્યુની ભેટ કરવાની આજ્ઞા છૂટવાની. ન્યાયની તુલા નથી જોતી બાપ દીકરાને કે નથી પાડતી ભેદ રાય રંકનો. 'રીઝવવો એક સાંઇ' કિંવા 'ધર્મે કર્મ હેલાય' એ સૂત્રનો સધિયારો લઇ મહાશય અભયે પૌષધશાળામાં પ્રવેશી આઠ પહોર સુધી સકળ જીવરાશિને અભય આપ્યું, એક દિનનું શ્રમણત્વ સ્વીકાર્યું. સાથે જ પોતે સંસારમાં છે કિંવા મંત્રીના હોદ્દા પર છે એ વાત વિસારી મેલી, કેવળ ધર્મધ્યાનમાં મન પરોવ્યું–ધ્યાનમાં નિશ્ચળ થયા.

આત્મવિશ્વાસ કોઇ અનેરી વસ્તુ છે. કટોકટીના સમયમાં પણ એ પર અડંગ પલાણ મારનારને જવલ્લે જ નિરાશાની આંધિમાં અટવાવું પડે છે. ઘણું ખરું તો દુનિયામાં વિજયશાળી આત્માઓની પ્રશસ્તિઓ જ નોંધાણી છે અને એ પ્રશસ્તિઓમાં નોંધને લાયક થનાર, આત્મતેજ પર મુસ્તાક રહેનાર આત્માઓના જ ઉદાહરણ જડવાના.

દેવતાઇ હાર ચોરનાર જીવ એની પાછળની સખત તપાસથી અકળાઇ ઊઠ્યો. અભયના હાથમાં એ કાર્ય સુપ્રત થયાનું જાણતાં જ એના હાંજા ગગડી ગયા. ગુપ્તપણે હાર તેને પહોંચતો કરવાની તક જોવા લાગ્યો. હાર મંત્રીની નજરે ચડે છતાં પોતાનો પીછો પકડી ન શકે એ ઇરાદાથી પાખીની રાત્રિના અંધારા પથરાયા પછી, ઉપાશ્રયની બહાર કાયોત્સર્ગ ધ્યાનમાં એકાગ્ર બનેલ આચાર્યની કોટમાં હાર પહેરાવી ચોરનાર વ્યક્તિ અદૃશ્ય થઇ ગઇ.

સંધ્યા આવશ્યકથી પરવારી ઉપાશ્રયના કમરામાંથી ગુરુશુશ્રૂષા અર્થે બહાર પગ મૂકતાં જ શિષ્યે પેલો હાર જોયો. તરત જ તેમનું ચિત્ત રાજઆજ્ઞાના વમળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચડયું ને ગુરુદેવના શિરે સરખુંત ભયનું ચક્ર ભમતું ભાળ્યું. પ્રથમ પ્રહર પૂર્ણ થતાં જ શિષ્ય પાછો ફર્યો અને ઉપાશ્રયમાં પ્રવેશતાં નૈષેધિકીના સ્થાને 'ભયં વર્તતે' એવો શબ્દોચ્ચાર કર્યો.

અભયમંત્રી—મુનિશ્રી! સંસારના બંધનને સાપ કાંચળીનો ત્યાગ કરે એ રીતે તજી જનાર મહંત! આપને ભય કેવો?

મુનિશ્રી—મહામંત્રી! મને સંસારીજીવનની સ્મૃતિ તાજી થવાથી મારાથી ઉતાવળા એ પ્રસંગના અનુસંધાનમાં 'ભયં વર્તતે' શબ્દનો ઉચ્ચાર થઈ ગયો.

પૌષધાવસ્થામાં રહેલ મંત્રીશ્વરે પૂછવાથી સંસારજીવનનો એક પ્રસંગ મુનિએ કહી પણ દેખાડ્યો. આમ દરેક પ્રહર પૂરો થતાં ને શિષ્યોની બદલી થતાં બનવા માંડયું. અતિભય, બહુભય અને મહાભય વર્તે છે એવા ઉચ્ચારોએ રાત્રિના ચાર પ્રહર પૂરા કર્યા. એ પર ભિન્ન ભિન્ન મુખે, વિવિધ રસ જમાવટભર્યા વૃતાન્તો સાંભળીને મંત્રીશ્વરે રાત્રિના કલાકો ધર્મજાગરિકામાં ગાળ્યા. કથાનકના જિજ્ઞાસુએ એ માટે મુનિપતિચરિત્રમાં ડોકિયું કરવું કિંવા અભયકુમારચરિત્ર કે શ્રેણિકરાજપ્રબંધ વિલોકવા.

પ્રાતઃકાળના સ્ફુર્તિજન્ય કિરણો પથરાતાં જ્યાં મંત્રી અભય રાઈપ્રતિક્રમણથી પરવારી ગુરુવંદન નિમિત્તે વરંડામાં પદસંચાર કરે છે ત્યાં તો ગુરુજીના કંઠમાં પેલો દેવતાઈ હાર દૃષ્ટિગોચર થયો. તરતજ એના મનોમંદિરમાં શિષ્યોએ ગુરુની શુશ્રૂષાથી પાછા ફરતાં ઉચ્ચારેલા ભયના ગુંજનોમાં બીજરૂપે કઈ ચીજ હતી તેનો સહજ ખ્યાલ આવ્યો. ભયની ફિલસુફી સમજાવવા અર્થે રચેલ ભાષ્યો સમી જીવનીઓના ભય કરતાં ગુરુકંઠમાં રહેલ 'હાર' જ વધુ ભયંકર નિવડ્યો હતો અને એણે જ નિર્ગ્રંથ સાધુઓને 'ભીતિસૂચક' શબ્દપ્રયોગો કરાવ્યા હતા એ વાત દીવા જેવી જણાઈ.

પૌષધ પારી, હાર ગ્રહણ કરી, અભયે સીધો દરબારગઢનો માર્ગ લીધો અને શ્રેણિક મહારાજને હાર સોંપ્યો. આમ ધર્મથી કર્મ ઠેલાય એ ઉક્તિ સાચી પડી.

મંત્રીશ્વરની પ્રજ્ઞાએ આવા તો કંઈ કંઈ ચમત્કારો દાખવેલાં છે. મોટા આટોપથી જબરા સૈન્ય સહિત ચડી આવેલ ચંડપ્રદ્યોત ભૂપાળને રક્ત રેડ્યા વગર એના મંત્રીઓમાં ભેદનીતિના આંદોલન જન્માવી પાછો ભગાડ્યો અને વધારામાં એનો કેટલો અસબાબ હાથ કર્યો. તેથી જ કહેવામાં આવ્યું છે કે—

बुद्धिर्यस्य बलं तस्य, निर्बुद्धेस्तु कुतो बलम्?
वने सिंहो मदोन्मत्तः, शशकेन निपातितः॥१॥

ચોકસી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લૂણ વિનાનું ભોજન યાને ભાવ વિનાની ભક્તિ

લૂણ યાને નીમકને સાદી ભાષામાં "મીઠું" કહેવામાં આવે છે. ખરી રીતે જોતાં તેનો સ્વભાવ ખારાશનો છે, છતાં તેનું નામ મિષ્ટતાવાચક પડ્યું છે ને તે સહેતુક જ છે. અર્થાત્-પ્રગટપણે મિષ્ટતા-ગળપણનો ગુણ તેનામાં ન હોવા છતાં પણ ગરીબથી માંડી તવંગર પર્યંત કોઈને પણ તેના વિના ચાલતું નથી-સર્વ કોઈને તેની જરૂર પડે છે. રસોઈમાં અનેક સુંદર દ્રવ્યો-સારા પદાર્થો હોવા છતાં જો તેમાં એક માત્ર મીઠાની તાણ હોય-મીઠું ન નાખ્યું હોય તો આપણને તે રસોઈ ભાવતી નથી. કદી ન છૂટકે ખાવી પડે તો પણ મોઢું બગાડીને ખાઈએ છીએ. તેથી જ કહેવત પ્રચલિત થઈ છે કે—"લૂણ વિનાનું ભોજન શા કામનું ?" વળી કોઈ મનુષ્ય-પોતાના પાલક શેઠ યા ઉપરીને વફાદાર ન રહ્યો હોય તો કહેવાય છે કે—"નીમકહરામી કરી." અર્થાત્ જેનું નીમક ખાધું (યથાર્થ રીતે જોઈએ તો ખાધું છે અન્ન છતાં કહેવાય છે નીમક) તેની સાથે હરામી કરી. વળી કોઈ મનુષ્ય અલ્પસત્ત્વવાળો હોય તો તેને ઓળંભારૂપે કહેવાય છે કે "મીઠાની તાણ રહી ગઈ છે." આ પ્રમાણે સર્વત્ર લૂણ યાને નીમકનું મહત્ત્વ ગવાયેલ છે.

ભાવ વિનાની કોઈ પણ ક્રિયા ઉપરના દૃષ્ટાંતે નહિવત્ ગણાય છે. હૃદયના ભાવથી થયેલી અલ્પ ક્રિયા પણ મહાફળને આપનારી હોય છે. તે ઉપર થોડા શાસ્ત્રીય પ્રસંગો જોઈએ.

શ્રી જીર્ણ શ્રેષ્ઠી સંજોગવશાત્ ભગવાન વીરસ્વામીને દાન ન આપી શક્યા, પરંતુ વૃદ્ધિ પામતા ભાવથી તેમણે તત્કાળ બારમા-અચ્યુત દેવલોકનું આયુષ્ય બાંધી લીધું. યદિ ચડતા જતા તે ભાવમાં દેવદુંદુભીના નાદથી સ્ખલના ન થઈ હોત તો જ્ઞાનીઓના કથન મુજબ કેવળજ્ઞાન અને કેવળદર્શન કે જે મુક્તિના સાક્ષાત્ પરવાના સમાન છે તેને પ્રાપ્ત થતાં વાર ન લાગત.

શ્રીકૃષ્ણ વાસુદેવ, ચડતા ભાવે ભગવાન નેમિનાથસ્વામીને વાંદીને અઢાર સહસ્ર મુનિઓને વિધિપુરસ્સર વંદન કરવા ઉજમાળ થયા. ભાવની ધારા ચડતી જ જાય છે. બરાબર તે જ સમયે, તેમનો જ સેવક વીરો સાળવી સ્વામીએ કર્યું માટે મારે પણ વંદન કર્યા વિના છૂટકો નહીં એવી વિચારણાથી તે જ ક્રિયા કરી રહેલ છે. અંતમાં શ્રી પ્રભુજીને વાસુદેવ વંદનમાં પોતાને પડેલા પરિશ્રમની વાત કહે છે. વળતા જવાબમાં પ્રભુ વદે છે કે "હે કૃષ્ણ ! તમારો એ પરિશ્રમ સફળ થયો છે. અર્થાત્-ભાવનાના ચડતા પરિણામે તમોએ કરેલ વંદનમાં ચાર નરકના કર્મોને તમે વિદારી નાખ્યા છે." 'ત્યારે મારા સેવકને એ જ ક્રિયાથી શું ફળ મળ્યું ?' એમ શ્રી કૃષ્ણ પ્રશ્ન પૂછે છે. પ્રભુ કહે છે કે "ભાવ ન હોવાથી તેણે માત્ર કાયકષ્ટ ઉપાર્જન કરેલ છે." અહો ! ભાવ અને અભાવના કેવાં ફળ ! ભાવ માટે કહ્યું છે કે:—

**दानं तपस्तथा शीलं, नृणां भावेन वर्जितम् ।**
**अर्थहानिः क्षुधापीडा, कायक्लेशश्च केवलम् ॥**

અર્થાત્—મનુષ્ય દાન આપે, તપસ્યા કરે, તથા શિયલ પાળે પરંતુ એ સર્વ જો ભાવથી રહિત હોય તો-દાન એ અર્થ-પૈસાની હાનિ થવા રૂપ થાય, તપસ્યા તે ક્ષુધાનું દુઃખ સહવા રૂપ અને અને શિયલ તે કેવળ કાયક્લેશરૂપ પરિણમે; પરંતુ તેને સ્થાને

For Private And Personal Use Only

આ સર્વમાં જો “ ભાવ ” ભળે તો “ સોનામાં સુગંધ ” ભળવા જેવું બને અને પરિણામે એ સર્વ વસ્તુઓ યથાર્થ ફળને દેવાવાળી બનવા પામે. આ પ્રતાપ એક માત્ર ભાવનો જ છે. જ્યાં ભાવ ન હોય ત્યાં કહેવાય છે કે “ ભાવ વિનાની ભક્તિ શું કામની ? ” માટે જ સર્વ કાર્યમાં ભાવનાશ્રેણી વધારવા પ્રયાસ કરવો એ સુજ્ઞજનને કર્તવ્યરૂપ છે.

યદિ દાન, શિયલ અને તપ ન બની શકે, પણ જો તેને સ્થાને એકલો ભાવ હોય તો પણ પ્રાણી મહાન ફળને મેળવી શકે છે; તેથી જ કહેવાયેલ છે કેઃ—

“ કરણ, કરાવણ ને અનુમોદન સરખા ફળ નીપજાયો. ” અર્થાત્–અનુમોદન આપનાર, વિના કર્યે પણ ફળ પ્રાપ્ત કરે છે. આથી ભાવનું સર્વોત્કૃષ્ટપણું જણાય છે.

ભાવનો ખરો અર્થ થાય છે વસ્તુમાં વસ્તુનું યથાર્થ હોવાપણું. દાખલા તરીકે મરીના દાણામાં ભાવમરી કોને કહેવા ? જેનામાં તીખાશનો ગુણ હોય તેને જ યથાર્થ મરી કહી શકાય. બાકીના દ્રવ્યમરી છે; કારણ કે તેનામાં મરીત્વ–મરીપણું ચાલ્યું ગયું છે. વળી સાક્ષાત્ જિનને જ ભાવજિન કહેવાય છે. આ પ્રમાણે જ્યાં યથાર્થપણું હોય તેને જ ભાવ કહેવાય છે અને તેથી જ સર્વ ક્રિયામાં ભાવનું આટલું બધું મહત્ત્વ ગાયું છે કે જેથી તે ક્રિયા વાસ્તવિક રીતે ફળદાયી બને છે. ”

“ ભાવના ભવનાશિની ” કહેવાય છે તે યોગ્ય જ છે. શ્રી ભરતમહારાજા અને તેની આઠ પાટે થયેલા સૂર્યયશાદિ આઠ રાજાઓ આરિસાભુવનમાં માત્ર ભાવનાશ્રેણિમાં લીન થવાથી જ કેવળશ્રીને વરેલા છે. વીરપ્રભુ ઉપર અનન્ય રાગી શ્રી ગૌતમ પણ અન્યત્વ ભાવના શ્રેણીના બળવડે જ કેવળલક્ષ્મીને વર્યા છે. આ પ્રમાણે ભાવનું અતિશયપણું–પ્રાધાન્યપદ હોવાથી મૈત્રી આદિ ચાર અને અનિત્ય–અશરણાદિ બાર ભાવના ભાવવાનું શાસ્ત્રકારોએ કહ્યું છે કે જેના પરિણામે કર્મમળને ભાવનાબળે કરીને ખંખેરી શકાય–વિખેરી નખાય–ફેંકી દેવાય.

તાંદુલીયો મત્સ્ય ફક્ત મનના દુર્ધ્યાન યાને ખરાબ ભાવથી જ નરકાયુ બાંધે છે. એક મનુષ્ય ભોગ ભોગવે છે, છતાં નરમ અધ્યવસાયના બળે અલ્પ કર્મ બાંધે છે. જ્યારે બીજો મનુષ્ય ભોગ નથી ભોગવતો છતાં નિરંતર મનના દુઃપરિણામથી–કિલષ્ટ અધ્યવસાયથી–ખરાબ ભાવથી સંસાર વધાર્યા જ કરે છે. આ સર્વમાં કેવળ મનના ભાવ જ કામ કર્યા કરે છે અને કર્મબંધ કરાવ્યા કરે છે.

વ્યવહારમાં આપણે “ ભાવ ” ને કેટલું બધું મહત્ત્વ આપ્યું છે ? મનના ભાવ વિના કોઇ આપણને જમવા તેડે તો તેને ત્યાં જવાનું આપણે પસંદ નથી કરતાં એ શું બતાવે છે ? ભાવની મુખ્યતા. જ્યારે ભાવ સહિત લૂખું–સૂકું ભોજન પણ મિષ્ટ લાગે છે. આ પ્રમાણે જ્યાં ને ત્યાં, ભાવને આગળ કરવામાં આવેલ છે.

આ આખા લેખનો નિષ્કર્ષ–અર્ક એ છે કે થોડી પણ ક્રિયા, થોડું પણ દાન, થોડું પણ શિયલપાલન, થોડું પણ તપ, થોડું પણ સત્ય ભાષણ, થોડું પણ વ્રતપાલન–એ સર્વ જો ભાવસુગંધથી વાસિત થયા હોય તો તે સર્વ મહાફળને પ્રસવનારા બને છે. તેથી આપણે સૌ નિર્ણય કરીએ કે આપણા જીવનના પ્રત્યેક કાર્યમાં આપણે ભાવને અગ્રસ્થાન આપીશું. ભાવશૂન્યપણે કોઇ કાર્ય નહીં જ કરીએ. જો આ નિર્ણય પ્રમાણે વર્તાય તો આદર્શ જીવન બની જાય.

રાજપાળ મગનલાલ વ્હોરા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

## પુસ્તક ૫૩ મું

સં. ૧૯૯૩ ના ચૈત્રથી સંવત ૧૯૯૪ ના ફાગણ સુધીના અંક ૧૨ ની

## વાર્ષિક અનુક્રમણિકા

### વિભાગ ૧ લો

#### પદ્યાત્મક લેખો


| | | |
|---|---|---|
| ૧ નૂતન વર્ષે પુષ્પાંજલી | ( માસ્તર શામજી હેમચંદ ) | ૧ |
| ૨ શ્રી ગૌતમસ્વામીની સ્તુતિ | ( પંન્યાસ ઉદયવિજયજી ) | ૨ |
| ૩ શ્રી વીરસ્તોત્ર | ( ભગવાનદાસ મનસુખભાઇ ) | ૩ |
| ૪ એમાં શો અફસોસ ? દુહા | ( કપૂરચંદ ઠાકરશી શાહ ) | ૪ |
| ૫ હિતબોધક પદ્ય. દુહા | ( સન્મિત્ર કર્પૂરવિજયજી ) | ૧૩ |
| ૬ શ્રી શાંતિજિન સ્તવન | ( ઋષિ અનૂપચંદ–ઉદયપુર ) | ૩૭ |
| ૭ દેલવાડાના સ્થાપત્યને ચરણે | ( વિનોદચંદ્ર શાહ ) | ૩૮ |
| ૮ શ્રી સિદ્ધગિરિ સ્તવન | ( મુનિ ચતુરવિજયજી ) | ૬૯ |
| ૯ સત્ય વિના મોક્ષ નહીં | ( રાજમલ ભંડારી ) | ૭૦ |
| ૧૦ પ્રમાદ પિશાચનો બહિષ્કાર | ( ભગવાનદાસ મનસુખભાઇ ) | ૭૧ |
| ૧૧ આચાર્ય ગુણ | ( મુનિ વિદ્યાવિજયજી ) | ૧૦૭ |
| ૧૨ કહો તમે શું કરવાના ? | ( મુનિ પ્રેમવિમળજી ) | ૧૦૮ |
| ૧૩ શ્રી સરસ્વતી સ્તુતિ. સંસ્કૃત. સાર્થ. | ( મુનિ બાલચંદ્રજી ) | ૧૦૯ |
| ૧૪ મૂળ ( મોક્ષ ) માર્ગ રહસ્ય–પદ્યગદ્યાત્મક | ( સ. ક. વિ. ) | ૧૧૯ |
| ૧૫ શ્રી પાર્શ્વનાથ સ્તુતિ | ( ચીમનલાલ જીવરાજ કોઠારી ) | ૧૪૭ |
| ૧૬ સામાન્ય જિન સ્તુતિ | ( મુનિ શ્રી કલ્યાણવિમળજી ) | ૧૪૮ |
| ૧૭ કુદરતની કૃતિ | ( અમીચંદ કરશનજી શેઠ ) | ૧૪૮ |
| ૧૮ એવો કાં આક્ષેપ ? | ( કપૂરચંદ ઠાકરશી શાહ ) | ૧૪૯ |
| ૧૯ જયઘોષ કરજો જગ વિષે | ( મોહનલાલ હરિચંદ ) | ૧૫૯ |
| ૨૦ દુર્જન પ્રશસ્તિ | ( ભગવાનદાસ મનસુખભાઇ ) | ૧૬૩ |
| ૨૧ જિનદર્શન મહિમા–ફળ | ( ઝવેરચંદ છગનલાલ ) | ૧૭૧ |
| ૨૨ શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન | ( સંગ્રાહક સ. ક. વિ. ) | ૧૭૬ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૨૩ શ્રી પાર્શ્વનાથ સ્તવન | ( પરી. મણિલાલ ખુશાલચંદ ) | ૧૭૯ |
| ૨૪ ખમતખામણાં ( ગઝલ ) | ( અમીચંદ કરશનજી શેઠ ) | ૧૮૦ |
| ૨૫ ભવના છેડાનો ઉપાય | ( શ્રીમદ્ રાજચંદ્રમાંથી ) | ૧૮૦ |
| ૨૬ ચતુર્વિંશતિ જિન સ્તુતિ. હિંદી. | ( મુનિ વિદ્યાવિજયજી ) | ૧૮૧-૩૦૬-૩૪૬ |
| ૨૭ શ્રી મહાવીર જિન સ્તવન | ( રાજમલ ભંડારી ) | ૨૧૯ |
| ૨૮ ચંડકૌશિક નાગ ને પ્રભુ મહાવીર | ( બાલચંદ હીરાચંદ ) | ૨૨૦ |
| ૨૯ ઉપદેશક પદ | ( રાયચંદ મૂળજી. ચુમંગી ) | ૨૬૩ |
| ૩૦ ધન્ય દીક્ષા લેનાર. દુહા. | ( કપૂરચંદ ડાકરશી શાહ ) | ૨૬૪ |
| ૩૧ પુદ્દગળ મમતા તજવા હિતોપદેશક પદ ૩ | ( સંગ્રાહક સ. ક. વિ. ) | ૨૬૭ |
| ૩૨ શ્રી સુપાર્શ્વ જિન સ્તવન | ( રાજપાળ મગનલાલ વ્હોરા ) | ૩૦૫ |
| ૩૩ મુનિ કર્પૂરવિજય સ્તુતિ | ( ભોજક ગિરધર હેમચંદ ) | ૩૦૭ |
| ૩૪ અવસર વીતી જાય છે | ( માસ્તર પ્રેમશંકર કેવળરામ ) | ૩૪૫ |
| ૩૫ રવીંદ્રનાથ ટાગોરની કવિતાનો અનુવાદ | ( માસ્તર શામજી હેમચંદ ) | ૩૪૭ |
| ૩૬ શ્રી ચિદાનંદજી કૃત પદ | ( સં. સ. ક. વિ. ) | ૩૫૧ |
| ૩૭ શ્રી પાર્શ્વજિન સ્તવન | ( સં. સ. ક. વિ. ) | ૩૮૪ |
| ૩૮ શ્રી સુપાર્શ્વ તથા પાર્શ્વજિન સ્તવન (અપ્રસિદ્ધ) | (રાજપાળ મ. વ્હોરા) | ૩૮૫ |
| ૩૯ આત્માને ઉપદેશક પદ | ( રાયચંદ મૂળજી. ચુમંગી ) | ૪૨૩ |
| ૪૦ અમે તો વીરના પુત્રો | ( મુનિ કલ્યાણવિમળજી ) | ૪૨૨ |
| ૪૧ એક મુનિના આત્માના ઉદ્દગારો | ( મુનિ મહેંદ્રવિજય ) | ૪૨૪ |


પેટાવિભાગ જુદા ગણતાં ૪૬

## ધાર્મિક-નૈતિક ગદ્યાત્મક લેખો


| | | |
|---|---|---|
| ૧ મહાવીર એટલે કોણ ? | ( મુનિ શ્રી બાલચંદજી ) | ૮ |
| ૨ સર્વસાધારણ વ્યવહારુ હિતશિક્ષા | ( સન્મિત્ર કર્પૂરવિજયજી ) | ૧૦ |
| ૩ વ્યવહાર કૌશલ્ય ( લેખ ૨૪ ) | ( લેખક મૌક્તિક ) | |
| નાના લેખ ૩ ( ૮૭-૮૮-૮૯ ) | | ૧૪ |
| નાના લેખ ૩ ( ૯૦-૯૧-૯૨ ) | | ૧૨ |
| નાના લેખ ૩ ( ૯૩-૯૪-૯૫ ) | | ૮૯ |
| નાના લેખ ૩ ( ૯૬-૯૭-૯૮ ) | | ૧૨૬ |
| નાના લેખ ૩ ( ૯૯-૧૦૦-૧૦૧ ) | | ૧૬૫ |
| નાના લેખ ૨ ( ૧૦૨-૩ ) | | ૨૩૬ |
| નાના લેખ ૨ ( ૧૦૪-૫ ) | | ૨૭૩ |
| નાના લેખ ૩ ( ૧૦૬-૭-૮ ) | | ૩૬૨ |
| નાના લેખ ૨ ( ૧૦૯-૧૦ ) | | ૪૩૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૪ શ્વેતાંબરો ને દિગંબરો વચ્ચે મુખ્ય મતભેદ ( કુંવરજી ) ૧૭
૫ શ્રી પ્રશ્નચિંતામણિ ગ્રંથમાંથી કેટલાક પ્રશ્નોત્તરો ( કુંવરજી ) ૨૨-૪૯
૬ પ્રભાવિક પુરુષો ( મોહનલાલ દીપચંદ ચોકસી )
૧ અંતિમ રાજર્ષિ-ઉદયન ૨૬-૬૧-૯૭-૧૩૯-૧૭૨-૨૧૨-૨૪૩
૨ શ્રેણિક પુત્રો ૨૮૭
૩ અભયકુમાર ૩૨૯-૩૮૨-૪૦૮-૪૫૧
૭ અક્ષરમાળા ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૩૦-૬૬
૮ વચનામૃતો ( ચુનીલાલ સાકરચંદ બક્ષી ) ૩૫
૯ સોનેરી સૂત્રો ( મુનિ શ્રી કલ્યાણવિમળજી ) ૩૬-૧૦૪
૧૦ સૂક્તમુક્તાવલી: સિંદૂર પ્રકર. અનુવાદ વિવેચન સાથે. દ્વાર ૪ થી ૧૦
( ભગવાનદાસ મનસુખભાઇ મહેતા ) ૩૯-૧૧૦-૧૬૯-૨૩૨-૩૨૨-૩૭૪-૪૪૩
૧૧ શ્રી મહાવીર જયંતિ પ્રસંગે ગવાયેલ કવિતાનો અર્થ ( સ. ક. વિ ) ૪૫
૧૨ પરમાનંદ પચ્ચીશીનો અનુવાદ ( સ. ક. વિ ) ૪૫
૧૩ નમિરાજર્ષિનો ત્યાગ ( સ. ક. વિ ) ૪૭
૧૪ ન્યુસપેપરનું વાંચન વિકથાને પુષ્ટિ કરનાર છે ( કુંવરજી ) ૫૫
૧૫ ઉત્સેધાંગુળનું પ્રમાણ ( કુંવરજી ) ૫૬
૧૬ પ્રશ્નોત્તર ( ઉત્તરદાતા-કુંવરજી આણંદજી )
" પ્રશ્નકાર-મુનિ કલ્યાણવિમળજી ૫૭
" પ્રશ્નકાર-શા. પુંજીરામ અમથાલાલ-આજોલ. ૯૪
" પ્રશ્નકાર-મુનિ પ્રેમવિમળજી. ૧૩૧
" પ્રશ્નકાર-મુનિ પ્રેમવિમળજી. ૧૬૦
" પ્રશ્નકાર-સોમચંદ ડી. શાહ. ૧૯૩
" પ્રશ્નકાર-નગીનદાસ પુનમચંદ નાણાવટી. ૨૨૭
" પ્રશ્નકાર-શા. પુંજીરામ અમથાલાલ-આજોલ. ૨૮૩
પ્રશ્નોના સમાધાન-પ્રશ્નકાર અગરચંદ નાહટા-બીકાનેર ૨૮૫
પ્રશ્નોના સમાધાન-પ્રશ્નકાર રાજમલ ભંડારી-આગર ૩૩૩
પ્રશ્નોના સમાધાન-પ્રશ્નકાર શા મંગળદાસ કંકુચંદ-સાલડી ૩૩૪
પ્રશ્નોત્તર પ્રશ્નકાર-અગરચંદ નાહટા-સીલહટ્ટ ૩૩૫
" પ્રશ્નકાર-અગરચંદ નાહટા-સીલહટ્ટ ૩૬૭
" પ્રશ્નકાર-શા. પુંજીરામ અમથાલાલ-આજોલ. ૪૦૨
" પ્રશ્નકાર-મુનિ. પ્રેમવિમળજી ૪૩૧
૧૭ ભગવાન્ મહાવીરનું તપ ( સ. ક. વિ. ) ૭૪
૧૮ આત્મતત્ત્વ ( મુમુક્ષુ મુનિ ) ૭૫-૧૨૦-૧૫૪-૧૮૬
૧૯ મૂળસૂત્રની સંખ્યા ને ક્રમ ( પ્રો. હીરાલાલ રસિકદાસ ) ૮૦
૨૦ પ્રશ્નોત્તર રત્નમાળા સંક્ષેપ ( કુંવરજી ) ૮૧


For Private And Personal Use Only

૨૧ રાજા યુધિષ્ઠિરે યક્ષને આપેલા ઉત્તરો ( કુંવરજી ) ૬૨
૨૨ પ્રકૃષ્ટ પુણ્યશાળીના ગુણો રાજા પ્રજા ઉપર પણ અસર કરે છે. (સં. કુંવરજી) ૯૬
૨૩ કડવાશ [illegible] મીઠાશ ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૧૦૧
૨૪ વિચારોની આરોગ્ય પર થતી અસર ( માસ્તર રામચંદ ડી. શાહ ) ૧૦૫
૨૫ બ્રહ્મચર્ય ( માસ્તર રામચંદ ડી. શાહ ) ૧૦૬
૨૬ રેશમનું કારખાનું ( લેખક–સુશીલ ) ૧૨૯
૨૭ સન્માર્ગદર્શક ને વૈરાગ્યસૂચક ઉપદેશસાર ( સ. ક. વિ. ) ૧૧૭
૨૮ અજ્ઞાનનું પ્રાબલ્ય ( કુંવરજી ) ૧૩૦
૨૯ સુભાષિતરત્નમાળા ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૧૩૬–૧૬૯
૩૦ નવકારમંત્રનું સ્થાન અને મહાત્મ્ય ( સ. ક. વિ. ) ૧૫૦
૩૧ આત્મા સંબંધી વિચાર ને ભિક્ષુના આચાર ( સ. ક. વિ. ) ૧૫૨
૩૨ સુભાષિતરત્નમંજૂષા ( કુંવરજી ) ૧૬૮–૪૪૧
૩૩ સ્ત્રીસમાજ યાને સ્ત્રીકેળવણી ( સોમચંદ ડી. શાહ ) ૧૭૭
૩૪ વિઘ્ન રહિત વૈરાગ્ય ( સ. ક. વિ. ) ૧૮૨
૩૫ સદુપદેશ. ( સ. ક. વિ. ) ૧૮૩
૩૬ વિવેકકળા જાગે તો જીવન સફળ થાય ( સ. ક. વિ. ) ૧૮૪
૩૭ વ્યાધિ અને વિરામ ( કુંવરજી ) ૧૯૬
૩૮ આત્મપરિક્રમ્મા : આત્મવિચારણા ( મૌક્તિક ) ૨૦૪
૩૯ દોષદષ્ટિ વિરુદ્ધ ગુણદષ્ટિ ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૨૧૬
૪૦ સમતાનું મહત્વ ( મુમુક્ષુ મુનિ ) ૨૨૩
૪૧ જીવન સુધારણા માટે ઉત્તમ બોધની વાનગી ( સ. ક. વિ. ) ૨૩૮
૪૨ તત્ત્વનિશ્ચયાત્મક વચન સંગ્રહ ( સ. ક. વિ. ) ૨૪૦
૪૩ તત્ત્વજિજ્ઞાસુને લક્ષમાં લેવા યોગ્ય સારતત્ત્વ. ( સ. ક. વિ. ) ૨૪૧
૪૪ આરોગ્ય વિષે થોડી સૂચના ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૨૪૭
૪૫ મનન કરવા લાયક વાક્યો ( અમીચંદ કરશનજી શેઠ ) ૨૫૦
૪૬ કૃતઘ્ન ( તેના ત્રણ પ્રકાર ) ( માસ્તર પોપટલાલ સાકરચંદ ) ૨૫૧
૪૭ હાલના વિજ્ઞાન જેવું અજ્ઞાન બીજું નથી. ( કુંવરજી ) ૨૫૨
૪૮ સુભાષિત વચન સંગ્રહ ( સ. ક. વિ ) ૨૬૫
૪૯ અધ્યાત્મ વિચાર ( મુમુક્ષુ મુનિ ). ૨૬૮
૫૦ ભગવાન મહાવીરની ૬૮ પ્રતિજ્ઞા ( મુમુક્ષુ મુનિ ) ૨૭૦
૫૧ ઉપશમ અને ક્ષય ( કુંવરજી ) ૨૭૪
૫૨ આનંદના સામ્રાજ્યમાં ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૨૭૭
૫૩ વચનામૃતો ( અમીચંદ કરશનજી શેઠ ) ૨૭૯
૫૪ મેરુપર્વતની રચના ( કુંવરજી ) ૨૮૦
૫૫ પાત્રતાની ચાવી ( પોપટલાલ ઉજમશી શાહ ) ૨૮૨

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૫૬ પરદેશી ખાંડના હાનિકારકપણા વિષે ( અમીચંદ કરશનજી શેઠ ) ૨૯૦

૫૭ સુધાસિંધુ ( છોટાલાલ હીરાલાલ શાહ ) ૨૯૩

૫૮ સદ્ગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજીનું પંચત્વ. લેખ ૩
( લેખક–કુંવરજી–જીવરાજભાઈ–મોતીચંદ ) ૨૯૫

૫૯ મુનિરાજશ્રી કર્પૂરવિજયજી સંબંધી કેટલીક હકીકત (કપૂરચંદ કાકરશી) ૩૦૪

૬૦ ખાસ મનન કરવા લાયક પારમાર્થિક બોધ ( સ. ક. વિ ) ૩૦૮

૬૧ વિનયગુણ માટે આર્ષવચનો ( સ. ક. વિ ) ૩૧૦

૬૨ ચિત્તની ત્રણ અવસ્થા ( મુમુક્ષુ મુનિ ) ૩૧૩

૬૩ આવશ્યક ક્રિયાના ક્રમની સ્વાભાવિક ઉત્પત્તિ ( મુમુક્ષુ મુનિ ) ૩૧૫

૬૪ અષ્ટભંગી સ્વરૂપ ( મુમુક્ષુ મુનિ ) ૩૧૬

૬૫ જીવનની અસ્થિરતા ( કુંવરજી ) ૩૧૭

૬૬ મરજીયાત કે ફરજીયાત ( કુંવરજી ) ૩૧૯

૬૭ ઉત્સર્પિણીમાં તીર્થંકરોના શાસન સંબંધી વિચારણા ( કુંવરજી ) ૩૨૦

૬૮ જૈનો માટે સાચી દિશા ( વીરબાળ ) ૩૨૭

૬૯ પરમયોગી મુનિરાજશ્રી કર્પૂરવિજયજી ( નરોત્તમદાસ ભગવાનદાસ ) ૩૩૭

૭૦ સન્મિત્ર સ્મૃતિ ( ચીમનલાલ અમુલખ સંઘવી ) ૩૩૯

૭૧ સદ્ગુણાનુરાગીના સંસ્મરણો ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૩૪૧

૭૨ પ્રસ્તાવિક સદ્બોધ સંગ્રહ ( સ. ક. વિ ) ૩૫૮

૭૩ શુભ ક્રિયામાં આદર વિગેરે અનેક બાબતો ( સ. ક. વિ ) ૩૫૦

૭૪ સોળ સદ્ભાવનાઓ ( મુમુક્ષુ મુનિ ) ૩૫૨

૭૫ પર્વતિથિ સંબંધી વિચારણા ( કુંવરજી ) ૩૫૩

૭૬ લેખન અને વકતૃત્વ સફળ કેમ થાય ? ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૩૫૪

૭૭ જૈન ધર્મની વિશાળતા વિગેરે ( કુંવરજી ) ૩૫૮

૭૮ સદ્ગુણાનુરાગીનો વિરહ ( વકીલ છોટાલાલ ત્રીકમદાસ ) ૩૬૧

૭૯ ભાવનગરમાં દીક્ષા મહોત્સવ ( કુંવરજી ) ૩૬૫

૮૦ શ્રી આનંદઘનજીકૃત પદ ૧૦૦ મું. વિવેચન સાથે ( મૌક્તિક ) ૩૮૬

૮૧ માન્યતાના ત્રણ પ્રકાર ( કુંવરજી ) ૩૯૪

૮૨ તિથિઓ સંબંધી પ્રથક્કરણ ( કુંવરજી ) ૩૯૬

૮૩ વચનામૃતો ( સ. ક. વિ. ) ૩૯૭

૮૪ આંપણા પૂર્વજો ને આપણું સ્થાન ( સ. ક. વિ. ) ૩૯૯

૮૫ સત્પુરુષોનો કોપ કેવો હોય ? ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૪૦૦

૮૬ સંત (સન્મિત્ર કર્પૂરવિજયજી)નું સ્મારક ( ફૂલચંદ હરિચંદ દોશી ) ૪૦૫

૮૭ સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી ( મગનલાલ દાનજી શાહ ) ૪૨૫

૮૮ સ્વજીવનની સફળતા કેમ થાય ? ( સ. ક. વિ. ) ૪૨૮

૮૯ સમયોચિત બોધવચનો. ( સ. ક. વિ. ) ૪૨૯


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯૦ સત્ય ઘટના (સોમચંદ ડી. શાહ) ૪૩૬
૯૧ લૂણ વિનાનું ભોજન અને ભાવ વિનાની ભક્તિ (રાજપાળ મ. વોરા) ૪૫૫

પેટા વિભાગ જુદા ગણતાં ૧૫૪

## પ્રકીર્ણ લેખો.

૧ નવું વર્ષ (કુંવરજી) ૫
૨ મુસોલીનીની સનાતન ચુવાની (જન્મભૂમિમાંથી) ૨૫
૩ જો પ્રસંગ પડે તો ધ્યાન આપશો. (કુંવરજી) ૫૭
૪ પ્રશ્નોત્તરમાં સુધારો ૬૫
૫ પુસ્તકોની પહોંચ (કુંવરજી) ૧૪૩–૪૧૭
૬ સમસ્યા–ધન વિષે–કેવળજ્ઞાનના પર્યાયી નામો–તપાગચ્છના ૧૩ બોલ. ૧૧૬–૧૩૫–૧૩૮–૧૪૨
૭ શક્રસ્તવની મુદ્રાના પ્રકાર (કુંવરજી) ૨૧૧
૮ એક મુનિરાજ ને એક સભાસદનાં અવસાનની નોંધ ૨૧૮
૯ પર્યુષણપર્વ–સ્પષ્ટતા–કર્મને અંગે વિચારણા. ૧૮૫–૧૯૮–૨૧૭
૧૦ મુનિરાજ શ્રી ચરણવિજયજીનો સ્વર્ગવાસ ૨૫૦
૧૧ વિનયના ૬૬ પ્રકાર–અગુરુલઘુ ગુણની સ્પષ્ટતા–પાણાહારનો ખુલાસો. ૨૨૬–૨૩૫–૨૪૨
૧૨ જૈનધર્મ પ્રસારક સભાનો ૫૬ મા વર્ષનો રિપોર્ટ ૨૫૪
૧૩ રાષ્ટ્રપ્રેમીઓ માટે ખાસ વહીપૂજન (કચ્છી દ. ઓ. પ્રકાશ) ૨૭૨
૧૪ હિતકારક વચનો–પરદેશી ખાંડ–મહાવીર જિન સ્તવન–એક સુંદર વાક્ય ૩૦૯–૩૧૪–૩૨૧–૩૩૨
૧૫ રા. રા. જીવરાજભાઈને માનપત્ર આપવાનો મેળાવડો ૪૧૩
૧૬ એક અન્યોક્તિ–એક ઉદાર ગુલાસ–ચિદાનંદજી કૃત પદ બે. ૩૯૩–૪૦૭–૪૧૨–૪૨૨
૧૭ ખાસ જરૂરી–હૃદયસ્થ ભાવના ૪૨૯–૪૩૫

પેટા વિભાગ જુદા ગણતાં ૩૨

**ત્રણે વિભાગના મળીને કુલ લેખો ૨૩૨**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંવત ૧૯૯૪ ના પોષ માસની પત્રિકા નં. ૪૫

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ-પાલીતાણા

( સ્થાપના સં. ૧૯૬૨ ના ચૈત્ર શુદિ ૧૦ )

**ધાર્મિક પ્રવૃત્તિઓ**—નિયમાનુસાર ધાર્મિક પ્રવૃત્તિઓ સામાયિક, પ્રતિક્રમણ, મુનિવંદન વગેરે દરેક ક્રિયાઓ થઇ રહેલ છે. પોષ વદિ ૧૩ ને દિવસે મેરુતેરશનો મહાન દિવસ હોઇ બધા વિદ્યાર્થીઓએ ગિરિરાજ શ્રી શત્રુંજયની યાત્રા કરી હતી તથા વિગયત્યાગનું વ્રત કર્યું હતું.

**મુલાકાતો**—શેઠ રમણભાઈ લાલભાઇ અમદાવાદ, સાંકળીબેન મૂળચંદ ભાવનગર, શેઠ નરોત્તમદાસ ભગવાનદાસ મુંબઈ, શેઠ મણિલાલ દુર્લભદાસ મુંબઇ, શેઠ અંબાલાલ લલ્લુભાઈ મુંબઇ, શેઠ તારાચંદ ખોડીદાસ ભાવનગર, શેઠ ગિરધરલાલ ત્રિકમદાસ રાધનપુર, શેઠ મોહનલાલ ચતુર્ભુજ વીંછીયા, શેઠ માણેકચંદ ડોસાભાઈ કચ્છ-સુથરી.

**ભેટ**—શેઠ ઇંદરમલજી રખતચંદજી ગામ ભીલવાડા. રૂપાની ટીકડી નં. ૫૦, શેઠ ઘેલાભાઇ જેવંત કચ્છ નળીયા-નેનકલાક વાર ૯ાા, શેઠ રતિલાલ ભગવાનજી આંબા. જરમન કળશ ૧, શેઠ પોપટલાલ લાલચંદ સલડી. જરમન કળશ ૧, રકાબી ૧, વાટકી ૧, સુખડ શેર ૦ાા, વાળાકુંચી ૧.

## પોષ માસની આવક.

૧૪૧-૪-૦ શ્રી જનરલ નિર્વાહ ફંડ ખાતે
૭૨-૦-૦ શ્રી ભોજન ફંડ ખાતે
૧૧-૦-૦ શ્રી કેળવણી ફંડ ખાતે
૨૫૧-૦-૦ શ્રી સ્વામીવાત્સલ્ય ટ્રસ્ટ ફંડ ખાતે
૨-૪-૦ શ્રી દેરાસરજી ખાતે

૪૭૭-૮-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જમણુવારો

| | | |
|---|---|---|
| ૧ વોરા કઠીચંદ ઝવેરભાઈ | ભાવનગર | પોષ શુદિ ૧ |
| ૨ શેઠ અંબાલાલ લલ્લુભાઈ | મુંબઈ | પોષ શુદિ ૬ |
| ૩ શેઠ જેસંગભાઈ સારાભાઈ | અમદાવાદ | પોષ શુદિ ૧૦ |
| ૪ પારેખ ચુનીલાલ દુર્લભજી | ભાવનગર | પોષ વદિ ૨ |

**વિવાદસભા—**

| વિષય. | વક્તા. | પ્રમુખ. |
|---|---|---|
| ૧ કાઠિયાવાડની પરિસ્થિતિ | મનસુખલાલ મણિલાલ | શ્રી મનજી ગુલાબચંદ શાહ |
| ૨ વિદ્યાર્થીજીવન | કાન્તિલાલ ત્રિભુવન | શ્રી માવજી વીરચંદ મહેતા |
| ૩ જૈન ધર્મની વિશિષ્ટતા | મણિલાલ શિવલાલ | શ્રી માવજી વીરચંદ મહેતા |

### અંગ્રેજી

| | | |
|---|---|---|
| 1 Village Uplift | Tribhovan M. Shah | Umichand H. Shah |
| 2 Dadabhai Navarojaji | Jadavji N. Vyas | Manchand V. Shah |
| 3 Some Great men of India | Gobar M. Mehta | Raichand C. Shah |

## સમાજના દાનવીરોને—

હજુ મકાન ખાતે રૂા. ૮૫૦૦) તથા શ્રી દેરાસરજી ખાતે રૂા. ૪૦૦૦) નો તૂટો છે. તે રકમ સાધારણખાતે લેણી પડે છે, તો સમાજના દાનવીરોને તે તૂટો પૂરો કરી આપવા અમારી નમ્ર વિનંતિ છે.

**શોકસભા**—અમદાવાદનિવાસી શેઠ દલપતરામ પ્રેમચંદનું અકાળ અવસાન થતાં બાલાશ્રમના સેન્ટ્રલ હોલમાં આ સંસ્થાના સ્થાનિક સેક્રેટરી શ્રી શાન્તિલાલ ચાંપશીભાઈ શાહ B. A. ના પ્રમુખપણા નીચે તા. ૨૮–૧–૩૮ ના રોજ વિદ્યાર્થી તથા સ્ટાફની એક શોકસભા ભરવામાં આવી હતી. તેમાં દિલસોજીનો ઠરાવ કરી મર્હુમના કુટુંબ ઉપર મોકલી આપવા ઠરાવ્યું હતું. તેઓશ્રીએ બાલાશ્રમના દેરાસરજીમાં રૂા. ૬૦૦૦) તથા રૂપાનું તોરણ અને કમાડમાં રૂા. ૧૫૦૦) મળી કુલ ૭૫૦૦) જેવી રકમ ઉદારતાથી આ સંસ્થાને આપી હતી. તે રોશન કરી છેવટે મર્હુમના આત્માને શાન્તિ મળો એવી પ્રભુ પાસે પ્રાર્થના કરી સભા વિસર્જન થઈ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ચતુર્વિધ જૈન સંઘને નમ્ર અરજ

## અનેક તીર્થંકરોના મંગલમય કલ્યાણકોવડે પુનિત થયેલી

## શ્રી અયોધ્યા ઊર્ફે વિનીતા નગરીના

### જિન સમવસરણ અને કલ્યાણકોના જીર્ણોદ્ધારના પુણ્યકાર્યમાં આપનો ફાળો શી રીતે નોંધાવી કૃતાર્થ થશો ?

આ આર્યાવર્તના ઉત્તરખંડ અંતર્ગત ઇન્દ્રે વસાવેલી ઇન્દ્રપુરી સમ ગણાતી અયોધ્યા ઊર્ફે વિનીતા નગરીમાંના શ્રી જિન સમવસરણ તથા કલ્યાણકોના ઉદ્ધારનું કાર્ય હાલમાં ચાલુ જ છે. તેમાં આપ શ્રીમાન્ ચતુર્વિધ સંઘને—પૂજ્ય સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાવર્ગને અમારી નમ્ર અરજ એ છે કે, ઉપદેશદ્વારા તેમજ આર્થિક સહાયતાદ્વારા આ ઉદ્ધારના કાર્યને વેગ આપવાની આપની સર્વની ફરજ સમજશો.

આ નિવેદન કરતી વેળાએ આપને એ જણાવવાની ભાગ્યેજ જરૂર રહેશે કે, શ્રી અયોધ્યાજી એ આ ભારતની પુણ્યપાવની ભૂમિ છે. આ ભૂમિએ ઇક્ષ્વાકુ કુલભૂષણ યુગાદીશ્વર પ્રથમ શાસન-નાયક શ્રી આદીશ્વર ભગવાન જેવાને જન્માવ્યા છે. શ્રી મરુદેવીમાતાને કેવલજ્ઞાન [illegible], ભરત ચક્રવર્તીને કેવલજ્ઞાન–બાહુબલી અને બ્રાહ્મીને દીક્ષા આ પવિત્ર ભૂમિ પર થયા છે. શ્રી સુંદરીએ સાઠ હજાર વર્ષ આયંબિલનો ઉત્કૃષ્ટ તપ અહિં જ કર્યો છે તેથી આ તીર્થ ઉત્તમ છે.

શ્રી ઋષભદેવ, શ્રી અજિતનાથ, શ્રી અભિનંદન, શ્રી સુમતિનાથ અને શ્રી અનંતનાથ એ પાંચ તીર્થંકરોનાં સર્વ મળીને ૧૯ કલ્યાણકો પણ આ ભૂમિ ઉપર જ થયા છે.

આવી પુણ્યપાવની ભૂમિના ઉદ્ધારનું કામ ચાલુ છે. મુંબઇમાં નીમાએલી શ્રી અયોધ્યા જીર્ણોદ્ધાર કમીટી હાલમાં આ કામ કરી રહી છે. આ જીર્ણોદ્ધારને અંગે આશરે રૂ. ૫૦૦૦૦)નો ખર્ચ હજુ બાકી છે તેથી આપની ઉદાર સહાયતા મહાન ફલદાયી નીવડશે એ આપના સમજવામાં હશે તેથી આપનો ઉદાર હાથ આ તરફ લંબાવશો.

**—: રૂપીઆ ભરવાના ઠેકાણાં નીચે મુજબ :—**

**શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર પાયધુની-મુંબઈ**
**શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઝવેરીવાડ–અમદાવાદ**
**શેઠ ડોસાભાઈ અભેચંદ–મોટું દેરાસર–ભાવનગર**
**શા શાન્તિલાલ સાકરચંદની પેઢી–ચોક બનારસ સીટી**

**— કમીટીના માનવંતા સભ્યો —**

| | | |
|---|---|---|
| શા. નગીનદાસ કરમચંદ | મુંબઇ | બાબુ મીશ્રીલાલ રેદાની–મીરઝાપુર |
| શા. મોહનલાલ હેમચંદ | ,, | શેઠ નરોત્તમદાસ જેઠાભાઇ–કલકત્તા |
| શા. સાકરચંદ મોતીલાલ | ,, | |
| શા. કેશવલાલ મોહોલાલ | ,, | બાબુ રૂપચંદજી બાદરમલ–કલકત્તા |
| શા. હીરાભાઈ મંછુભાઇ | ,, | શા. ગિરધરલાલ છોટાલાલ–અમદાવાદ |
| શા. નાનાલાલ હરિચંદ | ,, | શા. બકુભાઇ મણિલાલ–અમદાવાદ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી બુદ્ધિ-વૃદ્ધિ-કર્પૂર ગ્રંથમાળાના મણકાઓ

## શ્રી જૈનતત્ત્વપ્રવેશકજ્ઞાનમાળા

વિભાગ ૧ લો, ૨ જો ( ભેળા ) પૃષ્ઠ ૧૬૬

પહેલા વિભાગમાં ૧૦૮ પાઠ આપ્યા છે અને ચૈત્યવંદન ક્રિયાના સૂત્રો અર્થ સાથે આપેલા છે. બીજા વિભાગમાં ચૈત્યવંદન, સ્તુતિ, સ્તવન વિગેરેનો સંગ્રહ છે.

પાકી સુંદર બંધાવેલી છે. પોસ્ટેજ રૂા. ૦-૧-૯

---

## છૂટાં વેરાયેલાં મોતી

વિભાગ ૨ જો. પૃષ્ઠ ૮૦ વાક્યો ૭૩૦

વિભાગ ૩ જો. પૃષ્ઠ ૮૦ વાક્યો ૮૧૨

વિભાગ ૪ થો. પૃષ્ઠ ૮૦ વાક્યો ૫૭૭

સંગ્રાહક મોતીલાલ નરોત્તમદાસ કાપડીયા ભાવનગર. ત્રણે વિભાગનું ભેળું પોસ્ટેજ રૂા. ૦-૧-૯

---

## સૂક્તમુક્તાવલી

ધર્મ-અર્થ-કામ-મોક્ષ ચારે વર્ગ. પદ્યબં[redacted] પાકી બાંધેલી. પોસ્ટેજ નવ પાઇ.

ઉપર જણાવેલી પાંચે બુકો ને આરાધના સૂત્ર સાથે પાંચ આના. વ્યવહાર-કૌશલ્યના બે ભાગ સાથે પોસ્ટેજ સાત આના. લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

---

## શ્રી આરાધના સૂત્ર પયન્નો

અવચૂરિ-અનુવાદયુક્ત

શ્રી વિનયવિજયોપાધ્યાયકૃત શ્રી પુન્યપ્રકાશનું સ્તવન.

પ્રમાદપરિહારકુલક-અર્થ યુક્ત.

શ્રી બુદ્ધિ-વૃદ્ધિ-કર્પૂર ગ્રંથમાળાના મણકા ૩૦મા તરીકે બહાર પાડેલ છે. એના ઇચ્છક સાધુ, સાધ્વી, સંસ્થા, શ્રાવક, શ્રાવિકા વિગેરેને ભેટ આપવામાં આવશે. પોસ્ટેજ નવ પાઇ મોકલવી.

---

## શ્રી પંચસંયત પ્રકરણ

શ્રી ભગવતીસૂત્રના ૨૫ મા શતકના ૭ મા ઉદ્દેશા ઉપરથી પ્રશ્નોત્તરરૂપે નવું લખેલ મૂળ સાથે છપાવીને બહાર પાડ્યું છે. ભેટ આપવાનું છે. પોસ્ટેજ સવા આનો.



---

## નવા સભાસદો

૧. શા. મોહનલાલ [illegible] કરાંચી. પહેલા વર્ગના મેમ્બર

૨. શાહ લાભચંદ મોહનલાલ ઝવેરી. રા. મુંબઈ ,, ,,

For Private And Personal Use Only